dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -09 | Issue- 190 | AD - 2026, Chaitra Vad -00 | Friday, Dt. 17-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંસદના વિશેષ સત્ર દરમિયાન

## ‘નારી શક્તિ વંદન અધિનિયમ’ પર ચર્ચા, વિપક્ષોને રાષ્ટ્રહિતમાં વિચારવાની અપીલ

નવી દિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના વિશેષ સત્ર દરમિયાન લોકસભામાં ’નારી શક્તિ વંદન અધિનિયમ’ એટલે કે મહિલા અનામત બિલ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ ઐતિહાસિક ક્ષણ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે આપણે આ પરિવર્તનના સાક્ષી બનવા માટે અત્યંત ભાગ્યશાળી છીએ. વડાપ્રધાનના મતે આ માત્ર એક કાયદો નથી પરંતુ એક એવું મંથન છે જે દેશની ભાવિ દિશા અને સ્થિતિ નક્કી કરશે અને અમૃત સમાન ફળ આપશે. તેમણે એ વાતનો સ્વીકાર કર્યો હતો કે દેશના વિકાસ માટે આ સુધારો ૨૦-૨૫ વર્ષ પહેલાં જ થઈ જવો જોઈતો હતો, જેથી અત્યાર સુધીમાં આપણે તેની પરિપક્વતાના પરિણામો જોઈ શક્યા હોત. ભારતને લોકશાહીની માતા ગણાવતા તેમણે કહ્યું હતું કે આપણી હજારો વર્ષોની વિકાસયાત્રામાં મહિલાઓનું યોગદાન પાયારૂપ રહ્યું છે અને હવે સમય આવી ગયો છે કે તેમને રાષ્ટ્ર નિર્માણની મુખ્ય પ્રક્રિયામાં યોગ્ય સ્થાન મળે.



વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દાયકામાં મહિલાઓએ પાયાના સ્તરે એટલે કે પંચાયતોમાં પોતાનું નેતૃત્વ સાબિત કર્યું છે. આજે મહિલાઓ માત્ર સંખ્યાબળ જ નથી ધરાવતી પરંતુ તેઓ રાજકીય નિર્ણયો પર પ્રભાવ પાડવાની ક્ષમતા પણ ધરાવે છે. તેમણે વિરોધ પક્ષોને ટકોર કરતા કહ્યું હતું કે જેઓ આ ફેરફારનો વિરોધ કરશે તેમણે ભવિષ્યમાં તેની ભારે કિંમત ચૂકવવી પડશે કારણ કે સ્ત્રી શક્તિનો સ્વીકાર કરવો એ હવે માત્ર રાજકીય જરૂરિયાત નથી પણ સામાજિક ન્યાયનો વિષય છે. વડાપ્રધાનએ પોતાના પછાત સમુદાયના અનુભવો ટાંકીને બંધારણની સર્વોપરિતા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે બંધારણની તાકાત જ છે જેણે એક સામાન્ય માનવીને આ પદ સુધી પહોંચાડ્યો છે, તેથી મહિલાઓને પણ તેમના અધિકારો આપવા એ બંધારણીય અને નૈતિક જવાબદારી છે. બિલના અમલીકરણમાં થતા વિલંબ અને વસ્તી ગણતરીના મુદ્દાઓ પર સ્પષ્ટતા કરતા વડાપ્રધાનએ કહ્યું હતું કે સરકાર આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કટિબધ્ધ છે. ૨૦૨૩ માં આ કાયદાને મળેલી સર્વાનુમતે મંજૂરી એ સમગ્ર દેશ માટે ગર્વની વાત હતી. જોકે ટેકનિકલ કારણોસર તેને તત્કાલ લાગુ કરવો મુશ્કેલ હતો, પરંતુ ૨૦૨૯ સુધીમાં તેનું સફળ અમલીકરણ થાય તે દિશામાં સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આપણે નિર્ધારિત સમયમાં આ કામ નહીં કરીએ તો દેશની માતાઓ અને બહેનોનો ભરોસો તૂટી શકે છે. અંતમાં તેમણે અપીલ કરી હતી કે આ મુદ્દાને રાજકીય ચશ્માં પહેરીને જોવાની જરૂર નથી. ’વિકસિત ભારત’ બનાવવા માટે મહિલા શક્તિને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરવી અનિવાર્ય છે. દેશની જનતા અને ખાસ કરીને મહિલાઓ અત્યારે સરકારના ઈરાદાઓ પર નજર રાખી રહી છે, તેથી પ્રામાણિકતાથી આ દિશામાં ડગ માંડવા એ જ રાષ્ટ્રહિતમાં છે.

## ભારત હવે નક્સલવાદના પ્રભાવથી સંપૂર્ણપણે મુક્ત : ગૃહમંત્રાલયની જાહેરાત

નવીદિલ્હી,તા.૧૬

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક સીમાચિહ્નરૂપ જાહેરાત કરતા જણાવ્યું છે કે ભારત હવે નક્સલવાદના પ્રભાવથી સંપૂર્ણપણે મુક્ત થઈ ગયું છે. પાંચ દાયકાથી ચાલી આવતી ડાબેરી ઉગ્રવાદની સમસ્યાનો અંત આવ્યો છે અને હવે દેશનો એક પણ જિલ્લો નક્સલ હિંસા પ્રભાવિત શ્રેણીમાં આવતો નથી. ૨૦૧૫માં ઘડાયેલી રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજનાના મજબૂત અમલીકરણને કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.




એપ્રિલની શરૂઆતમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બાદ ૮ એપ્રિલે રાજ્ય સરકારોને આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવી હતી. ગૃહ પ્રધાન અમિત શાહે પણ સંસદમાં ભારતને માઓવાદી મુક્ત જાહેર કરીને આ ઐતિહાસિક સફળતાની પુષ્ટિ કરી છે.જોકે, સુરક્ષા એજન્સીઓ હજુ પણ સતર્ક છે. અહેવાલો મુજબ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને ઝારખંડ જેવા રાજ્યોના ૩૭ જિલ્લાઓને ’વારસા અને વિકાસ જિલ્લા’ તરીકે ઓળખવામાં આવ્યા છે, જ્યારે ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાને ’ગંભીર શ્રેણી’ માં રાખવામાં આવ્યો છે. આ વિસ્તારોમાં નક્સલી સંગઠનોનું માળખું તોડી પાડવામાં આવ્યું હોવા છતાં, ભવિષ્યમાં ફરીથી ઉગ્રવાદ ન માથું ઉંચકે તે માટે સતત સુરક્ષા અને વિકાસલક્ષી કાર્યો ચાલુ રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંકલિત પ્રયાસોને પરિણામે ભારત આજે આંતરિક સુરક્ષાના મોરચે એક નવા યુગમાં પ્રવેશ્યું છે.

## નોઈડામાં ઈડીની મોટી કાર્યવાહી, અર્થ ગ્રુપનું કરોડોનું કૌભાંડ ખુલ્લું પડ્યુ

**હજારો ઘર ખરીદદારો સાથે છેતરપિંડી કરનાર બિલ્ડરો પર સકંજો કસાયો**

નોઈડા,તા.૧૬

ઉત્તર પ્રદેશના નોઈડામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અર્થ ગ્રુપ વિરુધ્ધ હાથ ધરવામાં આવેલી તપાસમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રના એક ભયંકર કૌભાંડનો ખુલાસો થયો છે. એજન્સીએ દિલ્હી, ગુડગાંવ અને ગ્રેટર નોઈડા સહિત ૧૦ સ્થળોએ પાડેલા દરોડામાં ૬.૩ કરોડની રોકડ રકમ તેમજ ૧૦૦ કરોડ રૂપિયાની બેનામી સંપત્તિ જપ્ત કરી છે. આ સર્ચ ઓપરેશન દરમિયાન સોના-ચાંદીના દાગીના અને મોંઘી ઘડિયાળો સહિત ૧૦૦થી વધુ મિલકતોના દસ્તાવેજો પણ મળી આવ્યા છે. અવધેશ કુમાર ગોયલ અને રજનીશ મિત્તલ જેવા પ્રમોટરોએ અર્થ બ્રાન્ડ હેઠળ હજારો ખરીદદારો પાસેથી આશરે ૨૦૨૪.૪૫ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા. પરંતુ મકાનો આપવાને બદલે આ નાણાં શેલ કંપનીઓ દ્વારા અન્યત્ર વાળી દીધા હતા. ખાસ કરીને ’અર્થ ટાઉન’ પ્રોજેક્ટ ૨૦૧૫થી અટકી પડતા ૩૦૦૦થી વધુ પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. ઈડીની આ કડક કાર્યવાહીથી છેતરાયેલા મધ્યમ વર્ગીય ગ્રાહકોમાં ન્યાયની આશા જાગી છે અને હાલ પોલીસની એફઆઈઆરના આધારે મની લોન્ડરિંગના નેટવર્કની ઊંડી તપાસ ચાલી રહી છે.




રાજ્ય સરકારે અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો

## આંધ્રના કુર્નુલ જિલ્લામાં બોલેરો-ટ્રક વચ્ચે અકસ્માત : ૮ લોકોના મોત

કુર્નૂલ,તા.૧૬

આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં આઠ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મંત્રાલયમ મંડળના ચિલકલાડોના ગામ પાસે એક બોલેરો વાહન અને રેડી-મિક્સ લારી (ટ્રક) વચ્ચે સામસામે પ્રચંડ ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં આઠ યાત્રાળુઓના મોત થયા છે અને અન્ય ૧૦ થી ૧૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, પાંચ લોકોના મોત ઘટનાસ્થળે જ નિપજ્યા હતા, જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. તમામ મૃતકો કર્ણાટકના ચિક્કમગલુરુ જિલ્લાના રહેવાસી હતા અને તેઓ શ્રી રાઘવેન્દ્ર સ્વામીના દર્શન કરવા માટે મંત્રાલયમ જઈ રહ્યા હતા.અકસ્માતની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક યેમ્મીગનુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. રાજ્યના પરિવહન મંત્રી મંડીપલ્લી રામપ્રસાદ રેડ્ડીએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ તબીબી સુવિધા આપવા આદેશો જારી કર્યા છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર ૨૦૨૫ માં પણ આ વિસ્તારમાં એક ગંભીર બસ અકસ્માત થયો હતો જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. હાલમાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે કે આ દુર્ઘટના પાછળ વાહનની તેજ ગતિ જવાબદાર હતી કે ડ્રાઈવરની કોઈ ભૂલ. આ ઘટનાને પગલે ચિક્કમગલુરુ વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



## ચૂંટણીને લઈ તમિલનાડુના નાગરકોઈલમાં પ્રધાનમંત્રી મોદીનો ભવ્ય રોડ શો યોજાયો

**ડીએમકેના પરાજયનો વડાપ્રધાનનો વિશ્વાસ**

નવીદિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના નાગરકોઈલમાં ભવ્ય રોડ શો યોજીને આગામી વિધાનસભા ચૂંટણીમાં ડીએમકેના પરાજયનો અને એનડીએના વિજયનો મજબૂત દાવો કર્યો છે. આશરે ૧.૫ કિલોમીટર લાંબા આ પ્રચંડ જનમેદની વાળા કાર્યક્રમમાં લોકોએ પુષ્પવર્ષા અને નારાબાજી સાથે પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાને કે. કામરાજ અને ડૉ. આંબેડકર જેવા મહાનુભાવોને શ્રધ્ધાંજલિ અર્પી સોશિયલ મીડિયા પર આ ઉત્સાહના વીડિયો પણ શેર કર્યા હતા. ૨૩ એપ્રિલે યોજાનારી ચૂંટણી પૂર્વે ભાજપના આક્રમક પ્રચાર અને જનસમર્થનને જોતા પીએમ મોદીએ દક્ષિણ ભારતમાં રાજકીય પરિવર્તનનો આશાવાદ વ્યક્ત કર્યો છે.









## યુપીના સંભલમાં વહીવટીતંત્ર દ્વારા ગેરકાયેદસર ઈદગાહને તોડી પડાયા

લખનૌ,તા.૧૬

ઉત્તર પ્રદેશના સંભલમાં વહીવટી તંત્ર દ્વારા ફરી એકવાર કડક બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી છે. બિછોલી ગામમાં ગૌચર અને ખાતરના ખાડાની સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે નિર્મિત ઈદગાહ અને ઈમામબારાને વહેલી સવારે તોડી પાડવામાં આવ્યા હતા. ગ્રામજનોની ફરિયાદ બાદ કોર્ટે આદેશ આપ્યો હોવા છતાં અતિક્રમણ દૂર ન કરાતા આ પગલું લેવાયું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે એસડીએમ નિધિ પટેલની હાજરીમાં સાત વીઘા જમીન ખાલી કરાવીને કાયદાનું શાસન સ્થાપિત કરવામાં આવ્યું હતું.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૭-૦૪-૨૦૨૬

# ધારીના ધારગણી ગામે ચૂંટણીને લઈ પોલીસ અધિકારીએ બેઠક યોજી



અમરેલી,તા.૧૬

ધારી તાલુકાના ધારગણી ગામે આગામી ચૂંટણીના સંદર્ભમાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી અને ચલાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ. રતનના સીધા નેતૃત્વ હેઠળ સંપન્ન થઈ હતી. બેઠકમાં ધારગણી જિલ્લા પંચાયત બેઠક માટે ચૂંટણી લડી રહેલા ત્રણેય મુખ્ય પક્ષોના ઉમેદવારો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી. પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત ઉમેદવારો અને ગ્રામજનોને આગામી ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# સાવરકુંડલામાં પરજીયા સોની વાડી ખાતે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલાના પરજીયા સોની જ્ઞાતિવાડી ખાતે સ્વ. લતાબેન ચંદ્રેશભાઈ થડેશ્વરના મોક્ષાર્થે એક વિશેષ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ રેડક્રોસ સોસાયટી અને થડેશ્વર પરિવારના સંયુક્ત સહયોગથી યોજાયો હતો. આ પરોપકારી કાર્યમાં મેહુલભાઈ વ્યાસ તથા તેમની ટીમની સાથે ચંદ્રેશભાઈ, દર્શનભાઈ અને નિમેશભાઈ સહિત સમગ્ર થડેશ્વર પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી, જેના પરિણામે કુલ ૬૫ બોટલ રક્ત એકત્રિત થયું હતું. રક્તદાન કરનાર તમામ દાતાઓને પ્રોત્સાહિત કરવા માટે રેડક્રોસ સોસાયટી દ્વારા સર્ટિફિકેટ તેમજ ગિફ્ટ આપવામાં આવી હતી, જ્યારે થડેશ્વર પરિવાર તરફથી પણ ખાસ ભેટ અર્પણ કરવામાં આવી હતી.

# અમરેલીમાં ૧૯ થી ૨૧ એપ્રિલ દરમિયાન માવઠાની આગાહી, ખેડૂતોને તકેદારી રાખવા સૂચના

અમરેલી, તા.૧૬

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૧૯ થી ૨૧ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ સંજોગોમાં પાકને નુકસાનથી બચાવવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોને સાવચેતીના પગલાં લેવા અનુરોધ કરાયો છે.ખેતરમાં કાપણી કરેલ પાક કે ખુલ્લામાં રહેલ ઉત્પાદનને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા તાડપત્રીથી ઢાંકી દેવા જણાવાયું છે. એ.પી.એમ. સી.માં પણ જણસી સુરક્ષિત રાખવા અને શક્ય હોય ત્યાં સુધી આ દિવસોમાં વેચાણ અર્થે માલ લાવવાનું ટાળવા સૂચના અપાઈ છે. વધુ માહિતી માટે ખેડૂતોએ ગ્રામસેવક અથવા કિસાન કોલ સેન્ટર (૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧) પર સંપર્ક કરવા જણાવાયું છે.

# અમરેલીમાં ફાયર વિભાગ દ્વારા નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી



અમરેલી,તા.૧૬

અમરેલી શહેરમાં ૧૪ એપ્રિલના રોજ ફાયર વિભાગ દ્વારા નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૪૪માં મુંબઈના ડોકયાર્ડમાં થયેલા ભયાનક જહાજ વિસ્ફોટમાં પોતાની ફરજ બજાવતા ફાયર વિભાગના ૬૬ જેટલા બહાદુર જવાનો શહીદ થયા હતા.તેમની સ્મૃતિમાં અને તેમના બલિદાનને સન્માન આપવા માટે અમરેલીના હીરકબાગ વિસ્તારમાં સ્થિત ફાયર સ્ટેશન ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર અને તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ સાથે મળીને શહીદ ફાયર કર્મીઓને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આગામી ૧૪ થી ૨૦ એપ્રિલ સુધીના સમગ્ર સપ્તાહને 'ફાયર વીક' તરીકે ઉજવવામાં આવશે.

# ચલાલામાં હર્ષોલ્લાસથી ડો. આંબેડકરની જન્મજયંતિ ઉજવાઈ



ચલાલા તા.૧૬

ચલાલામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે શહેરમાં એક વિશાળ શોભાયાત્રાનું આયોજન થયું હતું, જે શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. આ ઉત્સાહભર્યા પ્રસંગે યુવાનો, વડીલો અને મહિલાઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. સમગ્ર વાતાવરણ જય ભીમના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું અને ભારે હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો.

# લાઠી વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી સંદર્ભે તાલીમ શિબિર યોજાઈ



લાઠી,તા.૧૬

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ પણ ક્ષતિ ન રહી જાય તે હેતુથી તાલીમ શિબિર યોજાઈ હતી. આ સત્રમાં મામલતદાર કચેરી અને નગરપાલિકાના વિવિધ સ્તરોના કર્મચારીઓને મતદાન મથકની કામગીરી અને વ્યવસ્થાપન વિશે સમજણ આપવામાં આવી હતી.

# ચલાલામાં જરૂરીયાતમંદ લોકો માટે વિનામૂલ્યે છાશ કેન્દ્ર શરૂ



ચલાલા,તા.૧૬

ચલાલામાં કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે જરૂરિયાતમંદ લોકો માટે વિનામૂલ્યે છાશ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. શ્રી નાગરદાસ દોશી સ્મારક નિધિ ટ્રસ્ટ અને દિવાળીબેન કાનજીભાઈ કાછડીયાના સૌજન્યથી આ ભગીરથ સેવાકાર્યનો શુભારંભ થયો છે. હાલમાં શહેરના પટેલવાડી, જૈનવાડી, હુંડકો નંબર-૨ અને દાનેવ સોસાયટીના ગાયત્રીનગર વિસ્તારમાં આ વિતરણ કેન્દ્રો ધમધમી રહ્યા છે.

# રાજુલાના રામપરા-૨ના યુવાનની રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી થઈ

**પીએમ મોદી, મનસુખ માંડવીયા સાથે સંવાદ કરવાની તક મળી**



રાજુલા,તા.૧૬

રાજુલા તાલુકાના રામપરા-૨ ગામના રહેવાસી વાઘ ઘનશ્યામ હરસુરભાઈએ 'માય ભારત બજેટ ક્વેસ્ટ ૨૦૨૬' જેવી રાષ્ટ્રીય સ્પર્ધામાં નેશનલ લેવલ સુધી પસંદગી મેળવીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. દેશભરમાંથી ૧૨ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો જેમાંથી માત્ર ૧૪,૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની જ અંતિમ તબક્કા માટે વરણી કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે આયોજિત આ નેશનલ લેવલના રાઉન્ડમાં ઘનશ્યામને ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સાથે સંવાદ કરવાની અમૂલ્ય તક અને પ્રમાણપત્ર પ્રાપ્ત થયા છે.

# ધારીના મોરઝર ગામે ફરજામાં બાંધેલા બળદનું સિંહે મારણ કર્યુ



ધારી ,તા.૧૬

ધારી તાલુકાના મોરઝર ગામમાં સિંહે ભેસાણિયા ફાર્મમાં મધ્યરાત્રિએ વાડીના ફરજાની મજબૂત જાળી તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને ત્યાં બાંધેલા બે બળદ પૈકી એકનું મારણ કરી આતંક મચાવ્યો હતો. જોકે સદ્નસીબે બીજો બળદ આખી રાત ભય હેઠળ રહ્યા બાદ પણ આબાદ બચી ગયો હતો. આ હૃદયદ્રાવક ઘટનાની જાણ થતા જ વન વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પંચનામું કરી ખેડૂતને વળતર આપવા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે. સિંહના આ હુમલાથી ગ્રામીણ પંથકમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સા.કુંડલામાં પોષણ પખવાડિયાની ઉજવણીમાં વાનગી સ્પર્ધા યોજાઈ



સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આઈ.સી.ડી.એસ. ઘટક-૧ ના નેજા હેઠળ 'પોષણ પખવાડિયા ૨૦૨૬'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે આયોજિત પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં આંગણવાડીની બહેનોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને ઘરગથ્થુ તેમજ સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરીને અનેકવિધ પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરી હતી. વાનગીના સ્વાદ અને પોષક તત્વોના આધારે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રથમ ત્રણ વિજેતા બહેનોની પસંદગી કરવામાં આવી હતી અને તેમને અધિકારીઓના હસ્તે સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

ભાજપના બિનહરીફ વિજેતા સભ્યોનું વિશેષ સન્માન કરાયુ

# અમરેલી પાલિકાના ઉમેદવારો સાથે પ્રદેશ ભાજપ પ્રમુખનો સંવાદ

અમરેલી,તા.૧૬

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આ ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માએ અમરેલીની મુલાકાત લીધી હતી, જ્યાં અમરેલી નગરપાલિકાની ચૂંટણીમાં ઝંપલાવનારા ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારો સાથે તેઓએ સીધો સંવાદ સાધ્યો હતો. કાર્યક્રમની ગરિમાપૂર્ણ શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત અપેક્ષિત કાર્યકરો અને આગેવાનોને સંબોધતા જગદીશ વિશ્વકર્માએ ચૂંટણીલક્ષી રણનીતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેઓએ કાર્યકરોને માર્ગદર્શન આપતા પાંચ મુખ્ય બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા સૂચન





કર્યું હતું. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ સ્વાગત પ્રવચન દ્વારા તમામ અતિથિ વિશેષો અને કાર્યકરોને આવકાર્યા હતા. આ પ્રસંગે ગુજરાત સરકારના રાજ્યમંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ ઉમેદવારોમાં નવો જોમ અને જુસ્સો પૂરતા જણાવ્યું હતું કે ભાજપની જીત તો નિશ્ચિત જ છે, પરંતુ આપણો લક્ષ્યાંક માત્ર જીતવાનો નથી પણ વધુમાં વધુ લીડ સાથે તમામ બેઠકો પર વિજય મેળવવાનો છે. આ બેઠકમાં બિનહરીફ જાહેર થયેલા ઉમેદવારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ધારી નગરપાલિકાના વોર્ડ નં. ૩ ના ૪ ઉમેદવારો મનસુખભાઈ ભુવા, જયદેવભાઈ બસિયા, ગીતાબેન સૂરેશભાઈ ગમારા અને રૂપાબેન શશીભાઈ ચાવડાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમરેલી નગરપાલિકાના વોર્ડ નં. ૨ ના મીનાબેન રવિરાજભાઈ શેખવા તેમજ વોર્ડ નં. ૮ ના વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળિયા અને પૂનમબેન કૌશલભાઈ સાવલિયા પણ બિનહરીફ થતા પ્રદેશ અધ્યક્ષે તેમને કેસરી ખેસ પહેરાવી વધાવ્યા હતા. દામનગર, બાબરા, જાફરાબાદ અને રાજુલામાં પણ અનેક બેઠકો બિનહરીફ થઈ છે જે પક્ષની મજબૂતી દર્શાવે છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરિયા સહિત જિલ્લાના ધારાસભ્યો અને સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અમરેલી ARTOની પહેલ: સાવરકુંડલા યાર્ડમાં ૮૦ વાહનો પર રિફ્લેક્ટર લગાવાયા

અમરેલી,તા.૧૬

માર્ગ અકસ્માતોની ઘટનાઓ અટકાવવા માટે અમરેલી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા વિશેષ અભિયાન અંતર્ગત ગુરુવારે સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે ૮૦ જેટલા ટ્રેક્ટર અને સનેડા જેવા ખેતીવાડીના વાહનોમાં વિનામૂલ્યે રેડિયમ રિફ્લેક્ટર લગાવવાની કામગીરી કરવામાં આવી હતી. ગ્રામીણ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટના અભાવે અને કૃષિ વાહનોમાં પાર્કિંગ કે સાઈડ લાઈટ ન હોવાને કારણે રાત્રિના સમયે અકસ્માતનો ભય



રહે છે. રેડિયમ રિફ્લેક્ટર લાઇટની ગેરહાજરીમાં પણ વાહનની વિઝિબિલિટી વધારે છે, જેથી દૂરથી આવતા વાહન ચાલકને સાવચેત કરી શકાય છે.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું હતું કે, અકસ્માત નિવારણના આ ઉમદા હેતુથી આગામી સમયમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકા મથકોના માર્કેટિંગ યાડ ખાતે આવા રિફ્લેક્ટર કેમ્પનું આયોજન કરવામાં આવશે.

# લાઠીના ભુરખીયા હનુમાનજી મંદિરે નેત્રનિદાન કેમ્પ યોજાયો

**૪૪ જરૂરીયાતમંદ દર્દીઓને ઓપરેશન માટે લઈ જવાયા**

અમરેલી,તા.૧૬

લાઠી તાલુકામાં આવેલ પ્રસિધ્ધ ભૂરખીયા હનુમાનજી મંદિરે તાજેતરમાં ૯૭મા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ સ્થિત રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે આ માનવતાવાદી કાર્ય સંપન્ન થયું હતું. કેમ્પ દરમિયાન કુલ ૧૦૦ જરૂરિયાતમંદ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી



હતી. તપાસના અંતે જે ૪૪ દર્દીઓને મોતિયાની તકલીફ જણાઈ હતી, તેઓને વધુ સારવાર અને વિનામૂલ્યે ઓપરેશન અર્થે ખાસ વ્યવસ્થા દ્વારા અમરેલી ખાતે લઈ જવામાં આવ્યા હતા.

# અમરેલીમાં અખાત્રીજના મુહૂર્તમાં બાળલગ્ન અટકાવવા તંત્ર સજ્જ

અમરેલી,તા.૧૬

આગામી તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬, અખાત્રીજના પવિત્ર અવસરે રાજ્યભરમાં અનેક લગ્નો યોજાનાર છે. આ પ્રસંગે બાળલગ્ન જેવું સામાજિક દૂષણ અટકાવવા અમરેલી જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા કડક તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા જાગૃતિ લાવવા માટે ખાસ હેલ્પલાઈન નંબર (૦૨૭૯૨) ૨૨૩૦૨૯ જાહેર કરવામાં આવ્યો છે.બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ, દીકરી માટે ૧૮ વર્ષ અને દીકરા માટે ૨૧ વર્ષથી ઓછી ઉંમરે લગ્ન કરાવવા એ ગુનો છે. આ કાયદા હેઠળ ગુનેગારને ૨ વર્ષની સખત કેદ અને ૧ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમૂહલગ્નના આયોજકો, ગોર મહારાજ, રસોઈયા અને મંડપ ડેકોરેટર્સને અપીલ કરવામાં આવી છે કે તેઓ વર-કન્યાની ઉંમરના પુરાવા તપાસ્યા પછી જ વિધિ સંપન્ન કરે. કોઈપણ જાગૃત નાગરિકને બાળલગ્નની જાણ થાય તો તુરંત ઉપરોક્ત નંબર પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# લીલીયામાં કોંગ્રેસના કદાવર નેતાઓએ કેસરીયો ધારણ કર્યો

લીલીયા, તા. ૧૬

અમરેલી જિલ્લાના લીલીયા મોટા ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં 'વિકાસ સંકલ્પ સભા' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં અમરેલી કોંગ્રેસમાં મોટું ગાબડું પડ્યું છે. જિલ્લા કોંગ્રેસ મહામંત્રી રમેશભાઈ પરમાર અને તાલુકા પંચાયત ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન જીવરાજભાઈ પરમાર સહિત ૧૦૦ જેટલા સમર્થકો વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા. પ્રદેશ અધ્યક્ષે તમામ નવા સભ્યોને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

આ પ્રસંગે ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓ વર્ણવી હતો. આગામી સ્થાનિક



સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ કરવામાં આવી હતી કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ અમરેલી જિલ્લાની પ્રથમ મુલાકાતે આવેલ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનું શબ્દોથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, અરૂણભાઈ પટેલ સહિતના અનેક પદાધિકારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભુપેન્દ્રભાઈ બસિયા અને કેતન ઢાંકેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં 'સ્વસ્થ નારી – યોગ રમતોત્સવ'માં ૧૦૦ થી વધુ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો

અમરેલી,તા.૧૬

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ સ્થિત ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે આયોજક હેતલબેન ખુંટના સંકલન હેઠળ 'સ્વસ્થ નારી – યોગ રમતોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ 'મુક્ત અને સ્વસ્થ ગુજરાત'



થીમ પર આધારિત આ કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ મહિલા સાધકો અને યોગ ટ્રેનરોએ ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં યોગ પ્રદર્શનની સાથે વિવિધ રમત-ગમત અને આરોગ્યપ્રદ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. વિજેતા બહેનોને ટ્રોફી અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઝોન કોઓર્ડિનેટર વાલજીભાઈ ડાભી, જિલ્લા કોઓર્ડિનેટર સાગર મહેતા અને દયાળભાઈ સંગાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# રાજુલામાં જગતગુરૂ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પ્રાગટ્ય ઉત્સવની ભવ્ય ઉજવણી

રાજુલા,તા.૧૬

રાજુલા શહેરમાં ચૈત્ર વદ અગિયારસના પવિત્ર દિવસે જગતગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોવર્ધનનાથજી હવેલી ટ્રસ્ટ દ્વારા આયોજિત આ યાત્રા હવેલીથી



તસવીર : ગોપાલ રાઠોડ

પ્રારંભ થઈ શહેરના મુખ્ય માર્ગો, ટાવર ચોક અને એસટી બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં ફરી હતી. સમગ્ર શહેરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો અને વૈષ્ણવજનો દ્વારા વિવિધ સ્થળોએ ઠંડુ પાણી, શરબત તેમજ આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક સ્થાનિક વેપારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.





**અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે**

# વડિયા પોલીસ સ્ટેશન ખાતે અરજદારોને રૂબરૂ બોલાવી પ્રશ્નો જાણ્યા

વડિયા,તા.૧૬

અમરેલી જિલ્લાના પોલીસ વડા સંજય ખરાત દ્વારા પોલીસ સ્ટેશનની વાર્ષિક તપાસણી દરમિયાન અરજદારોને રૂબરૂ બોલાવી પોલીસની કામગીરીની અસરકારક ચકાસણી કરવામાં આવી રહી છે.અત્યાર સુધીમાં કુલ ૮૦ જેટલા અરજદારોને ધ્યાનપૂર્વક સાંભળવામાં આવ્યા છે. તાજેતરમાં વડિયા પોલીસ સ્ટેશન ખાતે ૧૫ જેટલા



અરજદારોને બોલાવવામાં આવ્યા હતા, જેમણે અસામાજિક પ્રવૃત્તિઓ, મહિલા અત્યાચાર, મિલકત સંબંધિત વિવાદો અને પારિવારિક પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી. એસ.પી. ખરાતે પી.આઈ. અને પી.એસ.આઈ.ની હાજરીમાં અરજદારોને પૂછ્યું કે તેમને સ્થાનિક પોલીસની કામગીરીથી કેટલો સંતોષ છે. સાથે જ પોલીસ દ્વારા આપવામાં આવેલી સહાય અને વર્તન અંગે પણ વિગતવાર પ્રતિસાદ મેળવવામાં આવ્યો હતો.



# અમરેલીમાં સાંસદના 'સમર્પણ કાર્યાલય'નું ભાજપા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના હસ્તે ઉદ્ઘાટન

અમરેલી,તા.૧૬

અમરેલી લોકસભા મતવિસ્તારના નાગરિકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ અને સુવિધા માટે જૂના માર્કેટ યાર્ડ ખાતે નૂતન 'સમર્પણ કાર્યાલય'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યાલયનું ઉદ્ઘાટન ભાજપા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના વરદ હસ્તે સંપન્ન થયું હતું.આ પ્રસંગે પ્રદેશ પ્રમુખે જણાવ્યું હતું કે, સંગઠન હંમેશા પ્રજાની વચ્ચે રહીને સેવા કરવામાં માને છે અને આ કાર્યાલય છેવાડાના માનવીનો અવાજ સાંભળવાનું કેન્દ્ર બનશે. ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ઉમેર્યું કે, સ્થાનિક લોકોને વહીવટી કાર્યો અને રજૂઆતો માટે ગાંધીનગર કે દિલ્હી સુધી ધક્કા ન ખાવા પડે તે હેતુથી આ સેવાનો પ્રારંભ કરાયો છે.કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી અભયસિંહ ચૌહાણ, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત મહામંત્રીઓ અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલી ભાજપ કિસાન મોરચાનું ગામડે-ગામડે પ્રચાર અભિયાન

બાબરા, તા.૧૬

અમરેલી જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને ભાજપ કિશાન મોરચા દ્વારા આક્રમક પ્રચારનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા ભાજપ કિશાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાના નેતૃત્વ હેઠળ ગામડે-ગામડે 'ખાટલા બેઠક' અને 'ડોર-ટુ-ડોર' સંવાદ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં ખેડૂતોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.આ પ્રચાર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતો સાથે સીધો સંપર્ક સાધવો અને સરકારની કૃષિ કલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો છે. ખાટલા બેઠકો દરમિયાન સ્થાનિક પ્રશ્નો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી રહી છે, જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મુકેશભાઈ ખોખરીયા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહેલા સઘન પ્રવાસથી ભાજપના ઉમેદવારો માટે અનુકૂળ માહોલ સર્જાયો છે. કિશાન મોરચાની આ સક્રિયતા આગામી ચૂંટણીમાં ભાજપ માટે સકારાત્મક પરિણામો લાવશે તેવી આશા પક્ષ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.



# બગસરાના કાગદડી ગામની સીમમાં પાણીના ટાંકામાં નહાવા પડેલા યુવકનું ડૂબી જવાથી મોત

બગસરા, તા. ૧૬

કાગદડી ગામની સીમમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. ખેતરની વાડીએ પાણીના ટાંકામાં નહાવા પડેલા એક શખ્સનું દોરડું તૂટી જતાં પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યું હતું. મીઠાપુર (નક્કી) ગામના લાલજીભાઈ પાંચાભાઈ માથાસુળીયાએ જાહેર કર્યા મુજબ, કાગદડી ગામની સીમમાં આવેલી અને ભાગવી રાખેલી વાડીમાં આ અકસ્માત સર્જાયો હતો. મૃતક હમીરભાઈ લાલજીભાઈ માથાસુળીયા વાડીમાં આવેલા પાણીના ટાંકામાં નહાવા માટે ઉતર્યો હતો. ઊંડા પાણીમાં સુરક્ષા માટે તેણે છાતીના ભાગે દોરડું બાંધ્યું હતું, પરંતુ કમનસીબે નહાતી વખતે છાતીએ બાંધેલું આ દોરડું અચાનક તૂટી ગયું હતું. દોરડું તૂટી જતાં તે સંતુલન ગુમાવી બેઠો હતો અને ટાંકાના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને મોતને ભેટ્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી ડી વાળા વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીના સરકારી પીપળવા ગામે રહેતા કાનાભાઈ વિહાભાઈ આલ એ જાહેર કર્યા મુજબ, રાહુલભાઈ કાનાભાઈ આલએ કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે દોરડા વડે ગળા ફાસો ખાઈ લેતા મરણ પામ્યા હતા.

# રાજુલામાં ડૉ. આંબેડકર વિશે સોશિયલ મીડિયા પર અભદ્ર ટિપ્પણી કરનાર શખ્સ સામે ગુનો દાખલ

રાજુલા, તા.૧૬

રાજુલામાં ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતીની ઉજવણી દરમિયાન સોશિયલ મીડિયા પર વાંધાજનક ટિપ્પણી કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર મહાપુરુષ વિશે બિભત્સ શબ્દો લખી અનુસૂચિત જાતિના લોકોની લાગણી દુભાવવા બદલ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત તારીખ ૧૪/૦૪/૨૦૨૬ના રોજ રાજુલા શહેરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે દલિત સમાજ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના આંબેડકર સર્કલ ખાતે આવેલી ડૉ. બાબાસાહેબની પ્રતિમાને સમાજના આગેવાનો દ્વારા ફુલહાર કરી ઉજવણી કરવામાં આવી હતી. વિવેકભાઈ પ્રવિણભાઈ બાબરીયા (ઉ.વ.૨૦) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આ કાર્યક્રમમાં હાજર એક યુવકે પોતાના મોબાઈલ ફોનમાં ઉજવણી અને રેલીનો ૩૪ સેકન્ડનો વીડિયો ઉતાર્યો હતો. ત્યારબાદ રાત્રે આશરે ૯:૩૨ વાગ્યે તેણે આ વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ્સ તરીકે અપલોડ કર્યો હતો.

ફરિયાદ મુજબ, આ અપલોડ કરાયેલા વીડિયો પર આરોપીએ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે અત્યંત ખરાબ અને બિભત્સ ગાળો સાથેની કોમેન્ટ કરી હતી. અનુસૂચિત જાતિના લોકો જેમના પ્રત્યે ઉચ્ચ આદર ધરાવે છે તેવા મહાપુરુષનું અપમાન કરી, જાહેરમાં બિભત્સ શબ્દોનો પ્રયોગ કરીને આરોપીએ સામાજિક શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. નાયબ પોલીસ અધિક્ષક એન બી ગોરડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

**ઇન્સ્ટાગ્રામ આઈડી પર રીલ્સ તરીકે અપલોડ કર્યો હતો**

# સાવરકુંડલાના ઘાંડલા ગામે પરિણીતા અને તેના સ્વર્ગીય પિતાને સાસરિયાએ ગાળો આપી

**પીયર તાંતણીયા ગામે આવી ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાના ઘાંડલા ગામે પરિણીતાને કરિયાવર બાબતે માનસિક અને શારીરિક ત્રાસ આપવાનો કિસ્સો સામે આવ્યો હતો. પરણિત જીવનના લાંબા સમય બાદ પણ સાસરિયાં દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડો કરી પરિણીતાને પિતા વિશે અપશબ્દો બોલી હેરાન કરવામાં આવતા અંતે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. હાલ તાતણીયા ગામે રહેતી શિલ્પાબેન ઘુસાભાઈ ઝાંઝમેરાએ ઘાંડલા ગામે રહેતા પતિ સંજયભાઈ રવજીભાઈ વોરા, સસરા રવજીભાઈ ભવાનભાઈ વોરા, સાસુ વિજયાબેન રવજીભાઈ વોરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના લગ્ન ગત ૧૪/૧૧/૨૦૧૯ના રોજ સંજયભાઈ વોરા સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન પતિ (અવાર-નવાર નજીવી બાબતોમાં તેમની સાથે માથાકૂટ કરી મારપીટ કરતો હતો. માત્ર પતિ જ નહીં, પરંતુ ઘરના અન્ય સભ્યોએ પણ તેનું જીવવું મુશ્કેલ કરી દીધું હતું. ઘરકામ જેવી બાબતોમાં અવાર-નવાર બોલાચાલી કરવામાં આવતી હતી અને તેના સ્વર્ગસ્થ પિતા વિશે પણ કોઈપણ કારણ વગર ગાળાગાળી કરવામાં આવતી હતી. આ ઉપરાંત, તું પૂરતો કરિયાવર લાવી નથી તેમ કહી મેણાં-ટોણાં મારી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. વધુ કરિયાવર લાવવાની બાબતે અવાર-નવાર ઝઘડા કરી અપશબ્દો બોલવામાં આવતા હતા.

# જાફરાબાદ બંદર પાસે ટેટાપુલ નજીક ટોકન વગર માછીમારી કરવા ગયેલી મહારાષ્ટ્રની બોટ ઝડપાઈ

**પાલઘરના ટંડેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદ બંદર પાસે દરિયામાં મત્સ્યોદ્યોગના નિયમોનો ભંગ કરી માછીમારી કરવા બદલ એક બોટ અને તેના ટંડેલ સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ટોકન લીધા વગર દરિયામાં પ્રવેશ કરવો તે સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર બાબત હોવાથી બોટને પકડી પાડી ગુનો નોંધવામાં આવ્યો હતો મળતી વિગતો મુજબ, જાફરાબાદ બંદરથી આશરે ૨ નોટિકલ માઈલ દૂર 'ટેટાપુલ' પાસે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન "LORD SHIP" નામની બોટ (રજીસ્ટ્રેશન નં. IND-MH-૬-MM-૯૧૪) શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, આ બોટના ટંડેલ વોલ્ટર નાઝરેથ મનભાટ (રહે. વસઈ કોળીવાડા, જી. પાલઘર, મહારાષ્ટ્ર) એ માછીમારી કરવા જવા માટે જરૂરી સરકારી 'ટોકન' લીધું નહોતું. નિયમ મુજબ, કોઈપણ બોટ દરિયામાં માછીમારી માટે જાય ત્યારે મત્સ્યોદ્યોગ વિભાગ પાસેથી ટોકન લેવું ફરજિયાત હોય છે. આ કિસ્સામાં ટંડેલે નિયમોનું ઉલ્લંઘન કરી બોટ દરિયામાં ઉતારી હતી. આ બદલ ટંડેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરિયાઈ સુરક્ષા અને માછીમારોની સલામતી માટે ટોકન પ્રક્રિયા અનિવાર્ય હોવા છતાં કરવામાં આવેલી આ બેદરકારીને પગલે અન્ય માછીમારોમાં પણ ફફડાટ ફેલાયો હતો. પોલીસે બોટ અને ટંડેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ અમાસ
તા.૧૭-૦૪-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૫૪,
સૂર્યાસ્ત-૦૬:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

તા.૧૭-૦૪-૨૦૨૬ શુક્રવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધનઃ આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્રોત બનશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે.

# ટીંબી ગામે IPL મેચ પર સટ્ટો રમાડતો ઈસમ રૂ. ૨૮,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયો

જાફરાબાદ, તા.૧૬

ક્રિકેટના મહાકુંભ ગણાતા IPLની મેચો પર હાલ હાર-જીતનો જુગાર રમાડતા તત્વો સક્રિય થયા છે, ત્યારે પોલીસે બાતમીના આધારે ટીંબી ગામે દરોડો પાડીને ક્રિકેટ સટ્ટો રમતા એક આરોપીને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. મળતી વિગતો મુજબ, ટીંબી ગામેથી પોલીસને બાતમી મળી હતી કે અમુક શખ્સો પોતાના આર્થિક ફાયદા માટે ઈન્ડિયન પ્રીમિયર લીગની લખનઉ સુપર જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચે રમાઈ રહેલી મેચ પર ઓનલાઈન સટ્ટો રમી રહ્યા છે. પોલીસે રેડ પાડતા ઘટનાસ્થળેથી અશરફભાઈ ઉર્ફે આદમ સતારભાઈ બમાણી રંગેહાથ પકડાઈ ગયો હતો. પોલીસે કાર્યવાહી દરમિયાન રોકડ રકમઃ રૂ.૧૭,૫૦૦, મોબાઈલ ફોન ૨ નંગ, સટ્ટાના હિસાબ લખેલી ચીઠ્ઠી અને પેન મળી કુલ રૂ.૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.



# રાજુલાના નાના-મોટા માછુંદરા ગામે રસ્તાને લઈ ચૂંટણી બહિષ્કારની ચિમકી

અમરેલી,તા.૧૬

અમરેલીના રાજુલા તાલુકાના નાના મોટા માછુંદરા ગામે છેલ્લા ૨૫ વર્ષથી ગામનો મુખ્ય માર્ગ કાચો હોવાથી ગ્રામજનોએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ ગંભીર મુદ્દે સરપંચ હાદાભાઈ અરડુની આગેવાનીમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રાંત કચેરીએ પહોંચીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ગ્રામજનોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે અને તંત્ર તાત્કાલિક યોગ્ય પગલાં ભરે તેવી માંગ કરવામાં આવી છે.



# રાજુલા તાલુકામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમો ઊંડા ઉતારવાની કામગીરી

રાજુલ,તા.૧૬

અમરેલી જિલ્લામાં જળસ્તર ઊંચા લાવવાના હેતુથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ઐતિહાસિક જળસંચય અભિયાન શરૂ કરાયું છે. ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયાના સહયોગ અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના ગામોમાં ચેકડેમો ઊંડા ઉતારવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.આ અભિયાન અંતર્ગત જૂના ચેકડેમોનું રિપેરિંગ અને વોકળાઓ પર પાળા બાંધી વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવશે, જેનાથી સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા હળવી થશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અત્યાર સુધીમાં ૯,૦૦૦થી વધુ જળ માળખાઓનું નિર્માણ કરી ચૂક્યું છે. ઉર્જામંત્રીએ આ કાર્યને આવનારી પેઢી માટેની મોટી મૂડી ગણાવી હતી. આ ભગીરથ કાર્યમાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો પણ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.



# અમરેલી જિલ્લામાં પાસ-પરમિટ વગર દેશી દારૂ સાથે ૧૬ શખ્સો ઝડપાયા

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં નશાબંધીના કડક અમલ માટે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં પાડવામાં આવેલા દરોડામાં કુલ ૧૬ લોકો પાસેથી પાસ-પરમિટ વગરનો દેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી અલગ-અલગ પોલીસ મથકો દ્વારા પોતપોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૧૬ જેટલા ઈસમોને દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે ૧૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમરેલી પોલીસ દ્વારા દારૂ અને જુગાર જેવી પ્રવૃત્તિઓ પર સતત વોચ રાખવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ ઝુંબેશ હજુ વધુ તેજ બનાવવામાં આવશે તેવી સૂચના પણ આપવામાં આવી છે.

તંત્રી લેખ

# ત્રીજા વિશ્વયુધ્ધના ભણકારા

વર્તમાન સમયમાં મધ્યપૂર્વ એશિયા (મિડલ ઈસ્ટ) એક એવા વળાંક પર ઊભું છે જ્યાંથી શાંતિનો માર્ગ ધૂંધળો દેખાય છે અને વિનાશની ગંધ વધુ તીવ્ર બની રહી છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ હવે માત્ર બે દેશો પૂરતો મર્યાદિત રહ્યો નથી. અમેરિકાની સીધી દખલગીરી અને આરબ દેશોની અસલામતીએ આખા પ્રદેશને બારૂદના ઢગલા પર લાવી દીધો છે. સામાન્ય જનતામાં એક જ ભય છે કે શું આ ખરેખર ત્રીજા વિશ્વયુધ્ધના ભણકારા છે? ઓક્સફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર માર્ગરેટ મેકમિલનનું અવલોકન અહીં ખૂબ જ પ્રસ્તુત છે. ઈતિહાસ સાક્ષી છે કે મોટાભાગના યુધ્ધો હંમેશા પૂર્વનિર્ધારિત કે યોજનાબધ્ધ નથી હોતા. ૧૯૧૪માં જ્યારે આર્ચડ્યૂક ફ્રાંઝ ફર્ડિનેન્ડની હત્યા થઈ, ત્યારે કોઈએ કલ્પના નહોતી કરી કે આ એક ઘટના ચાર વર્ષ લાંબા પ્રથમ વિશ્વયુધ્ધમાં પરિણમશે.યુધ્ધ ઘણીવાર 'મિસકેલ્ક્યુલેશન' એટલે કે ગેરસમજ અને અહંકારના પરિણામે જન્મે છે. આજે મધ્યપૂર્વમાં પણ એ જ સ્થિતિ છે. ઈરાન તેની પ્રાદેશિક સત્તા જાળવવા માંગે છે, જ્યારે ઈઝરાયેલ પોતાના અસ્તિત્વ માટે લડી રહ્યું છે. આ ખેંચતાણમાં જો કોઈ એક પક્ષ દ્વારા નાની પણ વ્યૂહાત્મક ભૂલ થઈ, તો તે આખા વિશ્વને લપેટમાં લઈ શકે છે. આ સંઘર્ષની અસર માત્ર સરહદો સુધી સીમિત નથી. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને રાતો સમુદ્ર એ વૈશ્વિક વેપારની જીવાદોરી છે. વિશ્વનો મોટો હિસ્સો ક્રૂડ ઓઈલ અને ગેસ આ માર્ગો પરથી પસાર થાય છે. જો ઈરાન આ માર્ગો બંધ કરે અથવા હુથી બળવાખોરો રાતા સમુદ્રમાં હુમલા તેજ કરે, તો વૈશ્વિક અર્થતંત્ર તૂટી શકે છે. મોંઘવારીનો આસમાની વધારો અને સપ્લાય ચેઈનનું ખોરવાવું એ આડકતરી રીતે આખા વિશ્વને આ યુધ્ધનો ભાગ બનાવી દેશે. છેલ્લા એક મહિનામાં આ સંઘર્ષની જ્વાળાઓ અનેક દેશો સુધી પહોંચી છે. સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા, કુવૈત અને કતર જેવા દેશો ભલે સીધી રીતે લડાઈમાં ન હોય, પરંતુ તેમની સુરક્ષા અને અર્થતંત્ર જોખમમાં છે. અઝરબૈજાનથી લઈને સાયપ્રસ અને લેબનોન સુધીના દેશો અત્યારે અનિશ્ચિતતાના માહોલમાં છે. સીરિયા તો વર્ષોથી આ સંઘર્ષનું મેદાન બની ગયું છે. જ્યારે આટલા બધા દેશો કોઈને કોઈ રીતે પ્રભાવિત થાય, ત્યારે તેને 'પ્રાદેશિક સંઘર્ષ' કહેવો ટેકનિકલી ખોટું હોઈ શકે; તે પહેલેથી જ એક નાનું વિશ્વયુધ્ધ બની ચૂક્યું છે. વિશ્વયુધ્ધ ત્યારે જ થાય છે જ્યારે દુનિયા બે સ્પષ્ટ જૂથોમાં વહેંચાઈ જાય. આજે એક તરફ અમેરિકા, યુરોપિયન યુનિયન અને ઈઝરાયેલ છે, તો બીજી તરફ ઈરાન, રશિયા અને ચીનનું પરોક્ષ સમર્થન ધરાવતું જૂથ છે. રશિયા-યુક્રેન યુધ્ધે પહેલેથી જ પશ્ચિમી દેશો અને રશિયા વચ્ચે તિરાડ પાડી દીધી છે. હવે જો ઈરાન પર સીધો મોટો હુમલો થાય, તો રશિયા અને ચીન શાંત બેસી રહેશે તેની કોઈ ગેરેંટી નથી. આ ગઠબંધનોની હારમાળા જ ૧૯૧૪ની જેમ આજે પણ જોખમી સાબિત થઈ શકે તેમ છે. પરિસ્થિતિ ચોક્કસપણે ગંભીર છે, પરંતુ તેને 'ત્રીજું વિશ્વયુધ્ધ' જાહેર કરવું કદાચ વહેલું ગણાશે. આજના પરમાણુ યુગમાં કોઈપણ દેશ પૂર્ણ કક્ષાના યુધ્ધનું પરિણામ જાણે છે 'સંપૂર્ણ વિનાશ'. છતાં, જોખમને વધારીને કહેવામાં આવી રહ્યું છે એવું માનીને બેસી રહેવું પણ મૂર્ખામી છે. આધુનિક યુધ્ધો હવે માત્ર મેદાન પર નથી લડાતા; તે સાયબર એટેક, આર્થિક પ્રતિબંધો અને પ્રોક્સિ વોર (બીજાના ખભે બંદૂક ફોડવી) દ્વારા લડાય છે. મધ્યપૂર્વ એશિયાની વર્તમાન કટોકટી એ ચેતવણીનો ઘંટ છે. સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય વૈશ્વિક સંસ્થાઓની નિષ્ફળતા સ્પષ્ટ દેખાઈ રહી છે. જો મુત્સદીગીરી દ્વારા આ તણાવને ડામવામાં નહીં આવે, તો ઈતિહાસ ફરીથી પોતાને દોહરાવશે.

# શસ્ત્ર અને શાસ્ત્રના સમન્વયના પ્રતિક: ભગવાન પરશુરામ




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

પરશુરામ માત્ર બ્રાહ્મણ નહોતા, પણ એવા વ્યક્તિત્વ હતા જેમણે સાબિત કર્યું કે જ્ઞાન (શાસ્ત્ર) અને શક્તિ (શસ્ત્ર) એકબીજાના પૂરક હોવા જોઈએ. આજના યુગમાં યુવાનોએ શીખવાની જરૂર છે કે શાંતિનો અર્થ કાયરતા નથી. પરશુરામજી શીખવે છે કે જ્યારે સત્તા મદમસ્ત બનીને પ્રજાનું શોષણ કરવા લાગે, ત્યારે બૌદ્ધિક વર્ગે મૌન છોડીને નૈતિક સત્તા અને પુરુષાર્થ સાથે મેદાનમાં આવવું પડે છે. તેમનું જીવન શિસ્ત, પિતૃભક્તિ અને સામાજિક સંતુલન જાળવવા માટે સર્વસ્વ ત્યાગ કરવાની અદમ્ય પ્રેરણા પૂરી પાડે છે.હિન્દુ ધર્મશાસ્ત્રોમાં ભગવાન વિષ્ણુના દસ મુખ્ય અવતારોનું વર્ણન છે, જેમાં છઠ્ઠો અવતાર એટલે ભગવાન પરશુરામ. વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ના દિવસે તેમનો જન્મ થયો હોવાથી આ દિવસ 'પરશુરામ જયંતી' તરીકે ઉજવાય છે. પરશુરામ એ'ચિરંજીવી' માનવામાં આવે છે, એટલે કે તેઓ આજે પણ પૃથ્વી પર સદેહે અસ્તિત્વ ધરાવે છે તેવી માન્યતા છે. તેમનું વ્યક્તિત્વ અત્યંત ઉગ્ર છતાં ન્યાયપ્રિય અને તપોનિષ્ઠ રહ્યું છે. ભગવાન પરશુરામનો જન્મ ભૃગુવંશના મહાન ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાના કૂખે થયો હતો. તેમના પિતા જમદગ્નિ અત્યંત તેજસ્વી અને ક્રોધી સ્વભાવના ઋષિ હતા. પરશુરામનું મૂળ નામ 'રામ'હતું. પરંતુ ભગવાન શિવની કઠોર તપસ્યા કરીને તેમણે અમોઘ શસ્ત્ર 'પરશુ' (ફરસો) પ્રાપ્ત કર્યું, ત્યારથી તેઓ 'પરશુરામ' તરીકે ઓળખાયા. તેઓ બ્રાહ્મણ હોવા છતાં તેમનામાં ક્ષત્રિયો જેવા ગુણો હતા, જે તેમના નાની (સત્યવતીના પિતા) અને પિતા વચ્ચે થયેલા ભોજન-વિનિમયના એક પ્રસંગને આભારી માનવામાં આવે છે. પરશુરામજીના જીવનની સૌથી ચર્ચિત કથા તેમની પિતૃભક્તિ સાથે જોડાયેલી છે. એકવાર માતા રેણુકા નદીએ સ્નાન કરવા ગયા હતા. ત્યાં ગંધર્વ ચિત્રરથને જોઈને તેમના મનમાં ક્ષણિક વિચલન આવ્યું. ઋષિ જમદગ્નિએ પોતાની દિવ્ય દ્રષ્ટિથી આ જાણી લીધું અને ક્રોધિત થઈને પોતાના પુત્રોને માતાનો વધ કરવાનો આદેશ આપ્યો. મોટા ભાઈઓએ આ પાપ કરવાથી ઈનકાર કર્યો, પરંતુ જ્યારે પરશુરામનો વારો આવ્યો ત્યારે તેમણે પિતાની આજ્ઞાને શિરોધાર્ય ગણી માતા અને ભાઈઓનો વધ કર્યો. પ્રસન્ન થઈને પિતાએ વરદાન માંગવા કહ્યું, ત્યારે પરશુરામે ચતુરાઈથી માતા અને ભાઈઓને પુનર્જીવિત કરવાનું અને તેમને આ ઘટના યાદ ન રહે તેવું વરદાન માંગ્યું. આ પ્રસંગ પરશુરામની અગાધ પિતૃભક્તિ અને તેમની બુધ્ધિચાતુર્યનો પુરાવો છે. ભગવાન પરશુરામના અવતારનું મુખ્ય પ્રયોજન પૃથ્વી પરથી આતતાયી અને અન્યાયીઓનો નાશ કરવાનું હતું. તે સમયે માહિષ્મતી નગરીનો રાજા સહસ્ત્રાર્જુન (કાર્તવીર્ય અર્જુન) અત્યંત શક્તિશાળી અને અભિમાની હતો. તેને દત્તાત્રેય ભગવાન પાસેથી હજાર હાથોનું વરદાન મળ્યું હતું. એકવાર સહસ્ત્રાર્જુન પોતાની સેના સાથે ઋષિ જમદગ્નિના આશ્રમે આવ્યો. ઋષિએ કામધેનુ ગાયની મદદથી આખી સેનાનો રાજસી સત્કાર કર્યો. લોભી રાજાએ કામધેનુ ગાયની માંગણી કરી, પણ ઋષિએ ના પાડી. પરિણામે રાજાએ બળજબરીથી ગાય છીનવી લીધી અને ઋષિનું અપમાન કર્યું. જ્યારે પરશુરામ આશ્રમે આવ્યા અને આ વાત જાણી, ત્યારે તેમણે એકલા હાથે સહસ્ત્રાર્જુનની સેનાનો નાશ કર્યો અને તેના હજાર હાથ કાપી નાખ્યા. બદલો લેવા માટે સહસ્ત્રાર્જુનના પુત્રોએ ઋષિ જમદગ્નિની હત્યા કરી નાખી. પિતાના દેહ પર ૨૧ ઘા જોઈને પરશુરામે પ્રતિજ્ઞા લીધી કે તેઓ પૃથ્વી પરથી અન્યાયી ક્ષત્રિયોનો ૨૧ વાર નાશ કરશે. તેમણે પૃથ્વીને નક્ષત્રી કરી અને જીતેલી ભૂમિ મહર્ષિ કશ્યપને દાનમાં આપી દીધી. પરશુરામ માત્ર યોધ્ધા નહોતા, પણ વેદ-વેદાંગના જ્ઞાતા હતા. તેમણે મહાભારત કાળમાં ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય અને કર્ણ જેવા મહાન યોદ્ધાઓને શસ્ત્ર વિદ્યા શીખવી હતી. તેમની પાસે ગૌતમ બધ્ધ જેવી શાંતિ અને રુદ્ર જેવો ક્રોધ બંને હતા. તેમણે કેરળ અને કોંકણ વિસ્તારને સમુદ્રમાંથી બહાર કાઢ્યો હોવાની પણ માન્યતા છે, જેને કારણે તેમને 'સપ્તકોંકણના સર્જક' કહેવામાં આવે છે. રામાયણમાં જ્યારે ભગવાન રામે શિવધનુષ તોડ્યું, ત્યારે પરશુરામ ક્રોધિત થઈને આવ્યા હતા. પરંતુ જ્યારે તેમને જ્ઞાત થયું કે રામ પોતે વિષ્ણુનો અવતાર છે, ત્યારે તેમણે પોતાનું તેજ રામમાં વિલીન કર્યું અને તપસ્યા કરવા મહેન્દ્ર પર્વત પર ચાલ્યા ગયા. મહાભારતમાં તેમણે અન્યાય સહન ન કરનારા શિષ્યો તૈયાર કર્યા. જોકે, તેમણે કર્ણને શ્રાપ આપ્યો હતો કારણ કે કર્ણે બ્રાહ્મણ હોવાનું જૂઠું બોલીને વિદ્યા મેળવી હતી. આ શ્રાપ પાછળનો હેતુ એ હતો કે જ્ઞાન હંમેશા સત્યના પાયા પર હોવું જોઈએ. ભગવાન પરશુરામનું ચરિત્ર આપણને શીખવે છે કે અન્યાય સામે લડવા માટે બળ જરૂરી છે, પણ એ બળ ન્યાય અને ધર્મના માર્ગે હોવું જોઈએ. તેઓ ત્યાગ અને સમર્પણની મૂર્તિ છે. પૃથ્વી જીત્યા પછી પણ તેમણે રજમાત્ર જમીન પોતાના માટે ન રાખી અને બધું જ દાન કરી દીધું. આજે જ્યારે આતંકવાદ અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ વધી રહી છે, ત્યારે પરશુરામનો 'પરશુ' આપણને અનિષ્ટ સામે લડવાની પ્રેરણા આપે છે અને તેમનું 'તપ' આપણને સંયમી બનવાનું શીખવે છે. ભગવાન પરશુરામ એ માત્ર એક પૌરાણિક પાત્ર નથી, પરંતુ તે અજેય શક્તિ, અખંડ જ્ઞાન અને પિતૃભક્તિનો સાક્ષાત અવતાર છે.

જય ભગવાન પરશુરામ!

**વર્તમાન સમયમાં જ્યારે સમાજ મૂલ્યોના હ્રાસ અને અન્યાય સામે લડવાની અશક્તિનો અનુભવ કરી રહ્યો છે, ત્યારે ભગવાન પરશુરામનું જીવન એક તેજસ્વી દીવાદાંડી સમાન છે. તેમના જીવનમાંથી જે સૌથી મોટી પ્રેરણા મળે છે તે છે : અન્યાય સામે શૂન્ય સહિષ્ણુતા.**

## શબ્દ સંજોગ-૨૧૮૧



**આડી ચાવી :**
(૧) પરિણામ, ફળ (૩)
(૩) નિપુણ, ચતુર (૪)
(૬) પગથી માથા સુધી (૪)
(૭) નાડી, શિરા (૨)
(૮) નિંદા, બેરાઈ (૨)
(૯) મોટી નદી (૨)
(૧૨) શિક્ષક માટે વપરાતો શબ્દ (૩)
(૧૪) સમારવું તે (૩)
(૧૬) ચાડી, ફરિયાદ (૨)
(૧૮) એક અંગ્રેજી મહિનો (૧)
(૧૯) ઉત્કટ ઈચ્છા, તલપ (૩)
(૨૧) આંખ, નેત્ર (૨)
(૨૩) ભારતનું એક રાજ્ય (૩)
(૨૪) આકાશ........ (૪)
(૨૬) પિતાના ભાઈ (૨)
(૨૮) એક વજન (૨)
(૨૯) પર્વત, ઝાડ (૨)
(૩૦) ગાયોના ચાલવાથી ઉડતી ધૂળ (૩)

**ઉભી ચાવી :**
(૧) પ્રહલાદનો પુત્ર (૪)
(૨) સોનું, ધંતુરો (૩)
(૩) શિખા-ટોચ વિનાનું (૩)
(૪) વિશ્વાસ, ભરોસો (૨)
(૫) નમ્રતાથી કહેવું તે (૪)
(૮) મા-બાપના સ્વાભાવિક ગુણ વિનાનાં (૫)
(૧૦) એક સંખ્યા (૩)
(૧૧) ભાવ, કિંમત (૨)
(૧૩) શિરસ્તો, ધારો (૩)
(૧૫) બોલ શ્રી અંબે....... કી જય (૨)
(૧૭) ચતુર, બુધ્ધિમાન (૪)
(૨૦) લલકારવું તે (૪)
(૨૨) રહેઠાણ, મકાન (૩)
(૨૩) વાળ (૨)
(૨૫) કાગડો (૨)
(૨૭) કામ, કારણ (૨)

## શબ્દ સંજોગ-૨૧૮૦ જવાબ

**આડી ચાવી :** (૧) આંક (૨) આંચકી (૪) આંછ (૫) આંચ (૬) રમૂજ (૮) ડીચકો (૧૧) કને (૧૨) આંતરી (૧૩) યસ (૧૫) આંટ (૧૬) દોરો (૧૮) તલ (૧૯) આંબોઈ (૨૧) ખોજ (૨૩) દર (૨૫) આંટ (૨૬) આંચ (૨૮) ચસકો (૨૯) તોરણ. **ઉભી ચાવી :** (૧) આંકડી (૨) આંચ (૩) કીર (૪) આંજનેય (૫) આંકો (૭) મૂક (૯) ચકોટ (ટચકો) (૧૦) અંતરો (૧૨) આંદોલ (૧૪) સર (૧૫) આંધી (૧૭) આંબો (૧૮) તજ (૧૯) આંસુ (૨૦) ઈદ (૨૧) ખોટ (૨૨) આંચકો (૨૪) રમણ (૨૫) આંખ (૨૬) આંસ (૨૭) આંતો.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૪૦ | ૧૭૭૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૨૬ |
| જુવાર સફેદ | ૮૦૧ | ૯૨૮ |
| જુવાર લાલ | ૭૮૦ | ૯૬૮ |
| મકાઇ | ૩૪૦ | ૩૬૦ |
| તુવેર | ૧૩૨૦ | ૧૫૧૦ |
| ચણા પીળા | ૯૧૦ | ૧૦૫૮ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૭૧૧ |
| અડદ | ૧૨૯૦ | ૧૬૫૧ |
| મગ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૦૬૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૬૦ |
| વટાણા | ૭૫૦ | ૧૦૪૦ |
| કળથી | ૨૭૫ | ૩૬૦ |
| રાજમા | ૭૫૦ | ૧૮૨૮ |
| સીંગદાણા | ૧૮૩૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૫૩૮ |
| મગફળી જીણી | ૧૩૫૦ | ૧૬૭૫ |
| અળશી | ૧૪૨૫ | ૧૪૨૫ |
| તલી | ૧૭૫૦ | ૨૧૮૧ |
| સુરજમુખી | ૮૫૦ | ૧૩૭૫ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૨૫ |
| અજમો | ૮૦૧ | ૨૪૫૦ |
| સુવા | ૧૫૦૦ | ૧૮૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૬૫ |
| સીંગફાડા | ૧૨૭૦ | ૧૮૧૪ |
| કાળા તલ | ૩૧૦૦ | ૩૭૦૦ |
| લસણ | ૭૪૦ | ૧૫૨૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૫૪૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૪૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૮૧૫ |
| વરીયાળી | ૧૩૦૦ | ૨૨૪૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૦૮૦ |
| રાય | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૬૯૧ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૨૨૦ |
| કલોંજી | ૨૫૫૦ | ૩૧૭૫ |
| રાયડો | ૯૫૦ | ૧૨૩૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૬૭ | ૭૦૨ |
| લીંબુ | ૧૭૧૧ | ૩૪૦૨ |
| સાકરટેટી | ૧૪૪ | ૨૯૮ |
| તરબુચ | ૧૦૫ | ૨૫૪ |
| પપૈયા | ૮૨ | ૧૬૩ |
| બટેટા | ૯૫ | ૨૫૪ |
| ડુંગળી સુકી | ૩૨ | ૨૨૧ |
| ટમેટા | ૧૮૧ | ૩૪૪ |
| સુરણ | ૮૦૯ | ૧૦૪૯ |
| કોથમરી | ૧૬૪ | ૩૦૨ |
| મુળા | ૪૧૩ | ૫૬૯ |
| રીંગણા | ૧૩૯ | ૨૬૭ |
| કોબીજ | ૬૪ | ૧૨૧ |
| ફ્લાવર | ૨૪૩ | ૩૭૩ |
| ભીંડો | ૨૬૯ | ૫૩૮ |
| ગુવાર | ૬૫૩ | ૯૯૭ |
| ચોળાસીંગ | ૬૫૭ | ૯૫૪ |
| ટીંડોળા | ૩૪૨ | ૬૨૮ |
| દુધી | ૮૫ | ૧૬૩ |
| કારેલા | ૩૫૪ | ૫૦૩ |
| સરગવો | ૩૧૪ | ૬૨૨ |
| તુરીયા | ૩૬૪ | ૬૦૧ |
| પરવર | ૬૫૯ | ૮૬૮ |
| કાકડી | ૨૪૬ | ૪૩૯ |
| ગાજર | ૨૩૧ | ૩૬૬ |
| વટાણા | ૧૨૩૧ | ૧૬૨૬ |
| ગલકા | ૨૦૧ | ૪૦૯ |
| બીટ | ૭૮ | ૧૭૨ |
| મેથી | ૨૫૨ | ૪૧૧ |
| ડુંગળી લીલી | ૧૭૮ | ૩૧૧ |
| આદુ | ૯૧૪ | ૧૦૭૯ |
| મરચા લીલા | ૩૫૬ | ૫૮૮ |
| મકાઇ લીલી | ૧૪૮ | ૨૭૧ |
| ગુંદા | ૩૧૨ | ૫૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૧૧ | ૧૫૫૧ |
| મગફળી જીણી | ૧૧૦૧ | ૧૪૮૬ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૫૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૨૪૬ |
| ધાણા | ૧૨૫૧ | ૨૩૯૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૯૫૦૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૪૨૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૭૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૪૫૧ |
| મઠ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૬૧૧ |
| રાયડો | ૮૦૧ | ૧૦૭૬ |
| રાય | ૬૦૧ | ૧૨૪૧ |
| મેથી | ૮૭૬ | ૧૪૧૧ |
| કાંગ | ૫૩૧ | ૫૩૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૫૦૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૪૮૧ |
| નવું લસણ | ૬૯૧ | ૧૨૩૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૧૪૧ |
| ધાણી | ૧૩૫૧ | ૨૯૫૧ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૬૧ |
| બાજરો | ૪૪૧ | ૪૪૧ |
| જુવાર | ૭૨૬ | ૧૦૬૧ |
| વાલ | ૭૭૬ | ૧૧૭૬ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૮૦૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૪૧ |
| કળથી | ૩૯૬ | ૩૯૬ |
| ગોગળી | ૮૪૧ | ૧૧૩૧ |
| વટાણા | ૬૨૬ | ૯૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૩૪૦ |
| મરચા | ૪૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૩૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૬૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૫ | ૧૫ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફુદીનો પુરા | ૨ | ૩ |
| ઘીસોડા | ૧૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૭ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૫ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૯૦ | ૧૩૧૫ |
| શિંગ ગીરનાર | ૧૩૬૦ | ૧૪૪૦ |
| શિંગ મોટી | ૯૭૦ | ૧૫૩૦ |
| શિંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૬૧૫ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૧૮૯૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૮૦ |
| તલ કાશમીરી | ૧૯૩૦ | ૧૯૩૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૫૫ |
| ઘઉં લોકવન | ૩૯૫ | ૫૨૫ |
| મકાઈ | ૩૫૫ | ૪૬૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૭૮૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| વટાણા | ૬૨૫ | ૬૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૬૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૯૦ |
| રાયડો | ૯૩૫ | ૧૦૭૦ |
| રાય | ૧૧૫૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૬૫૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૩૨૫૦ |
| અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૩૫ |
| સોયાબીન | ૭૫૦ | ૧૦૨૦ |
| મરચા લાંબા | ૧૨૪૦ | ૬૨૫૦ |
| મરચા ધોલર | ૨૨૦૦ | ૮૨૫૦ |
| કાંગ | ૫૩૫ | ૫૩૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૮૦ |
| કોબીજ | ૧૧૦ | ૧૫૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૬૦ |
| સુરણ | ૮૩૦ | ૯૨૦ |
| ગાજર | ૨૪૦ | ૩૪૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૨૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૧૦ |
| કાકડી | ૨૨૦ | ૩૩૦ |
| ગુવાર | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૩૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૨૦૦ | ૨૪૦ |
| સરગવો | ૪૫૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૧૫૩૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૨૧ |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૫૩૧ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૨૫ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૯૩૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૮૨૫ |
| કપાસ | ૧૩૨૦ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| બાજરો | ૫૦૦ | ૬૧૨ |
| જુવાર | ૭૫૦ | ૯૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૪૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૨૩૮ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૬૫૧ | ૨૪૩૧ |
| સોયાબીન | ૯૦૦ | ૯૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| મગફળી | ૧૦૨૦ | ૧૨૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૬ |
| ધાણા | ૧૫૭૦ | ૨૦૨૧ |
| રાઈ | ૧૦૪૫ | ૧૦૪૫ |
| રાયડો | ૧૦૨૨ | ૧૦૩૨ |
| એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૩૪૦ | ૪૩૪ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૩૫ |
| ચણા | ૯૮૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ધાણી | ૧૮૪૫ | ૧૯૪૫ |
| મેથી | ૭૬૫ | ૮૬૫ |
| શીંગદાણા | ૧૩૪૦ | ૧૩૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૪૦૦ | ૧૫૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૨૯૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૩૨ |
| ધાણા | ૧૮૫૦ | ૨૪૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૦ |
| તુવેર | ૧૩૨૫ | ૧૪૨૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૫ |
| ચણા | ૯૦૧ | ૧૦૪૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૧૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૮૨૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૨૭૧ |
| સોયાબીન | ૮૦૧ | ૯૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૪૦ | ૧૧૬૮ |
| શીંગ ૩૯ | ૧૧૫૦ | ૧૨૪૭ |
| શીંગ જી-૨૦ | ૧૨૯૫ | ૧૫૬૫ |
| એરંડા | ૧૨૩૪ | ૧૨૩૭ |
| જુવાર | ૪૫૧ | ૧૦૧૩ |
| બાજરી | ૩૧૧ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૪૧ |
| મકાઈ | ૨૫૫ | ૨૫૫ |
| અડદ | ૩૭૫ | ૧૦૪૦ |
| મગ | ૫૭૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૪૦૧ | ૧૮૯૯ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૨ |
| તલ સફેદ | ૨૦૩૩ | ૨૦૩૩ |
| તલ કાળા | ૧૧૯૯ | ૩૫૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૮ |
| જીરૂ | ૭૭૦ | ૪૩૭૫ |
| ડુંગળી લાલ | ૮૦ | ૧૯૩ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૩૪૬ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૫૦૯ |
| નાળીયેર | ૬૮૦ | ૨૫૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૪૬૨ |
| રાય | ૧૦૫૦ | ૧૨૯૮ |
| રાયડો | ૯૦૦ | ૧૦૫૮ |
| મેથી | ૮૫૦ | ૧૧૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૨૩ |
| અડદ | ૭૦૦ | ૧૫૬૫ |
| ચણા | ૯૨૫ | ૧૦૩૫ |
| સોયાબીન | ૯૨૫ | ૧૦૦૭ |
| ધાણા | ૧૨૦૦ | ૨૧૩૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૯૬ | ૧૫૪૦ |
| મગફળી | ૮૫૧ | ૯૫૧ |
| ચણા | ૧૦૧૭ | ૧૦૩૦ |
| સોયાબીન | ૮૯૫ | ૮૯૫ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૨૫૨ | ૧૪૯૦ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૦ |
| બાજરો | ૨૫૫ | ૬૧૧ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૨૫ | ૩૯૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| મગ | ૭૦૦ | ૧૦૫૦ |
| અડદ | ૧૧૭૫ | ૧૨૬૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૦ |
| વાલ | ૭૦૦ | ૧૧૦૫ |
| મેથી | ૧૧૬૦ | ૧૨૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૬ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૬૨૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૫૭૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૩૧૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૬ |
| તલ | ૧૯૦૦ | ૧૯૨૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૬૫ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૯૬ |
| લસણ | ૮૩૦ | ૧૩૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૨૦૨૫ | ૪૩૦૫ |
| અજમો | ૧૫૦૦ | ૩૦૯૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૩૮૦ | ૨૦૫૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૬૩૫ |
| મરચા | ૧૩૭૦ | ૪૧૪૫ |
| ડુંગળી | ૪૦ | ૨૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૨૧ |
| વટાણા | ૬૦૦ | ૯૪૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૩૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ચણા | ૧૦૧૪ | ૧૦૧૪ |
| તુવેર | ૧૨૮૫ | ૧૨૮૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| બાજરો | ૩૨૧ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૧ |
| જુવાર | ૭૫૧ | ૧૧૫૨ |
| મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૧૦૦૦ | ૨૭૧૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૧૯ |
| ચણા | ૭૭૬ | ૧૦૨૫ |
| ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૫૭ | ૭૫૭ |
| રાય | ૯૫૦ | ૧૩૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સરળતા અને સાદગી જ સફળતાનું સાચુ ઘરેણું : કાનજીભાઈ ભાલાળા



સુરત, તા.૧૬

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા આયોજિત ૧૫૫માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં પ્રમુખ કાનજીભાઈ ભાલાળા અને પહલ સોલારના CMD પરેશભાઈ શિંગાળાએ જીવનમાં સરળતાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. કાનજીભાઈએ જણાવ્યું હતું કે, સાદાઈ જીવનશૈલીમાં દેખાય છે, જ્યારે સરળતા વર્તન અને વ્યવહારમાં ઝળકે છે. પદ અને પ્રતિષ્ઠા મળ્યા પછી પણ જો મનુષ્ય સરળ રહે, તો તે તેની સાચી મહાનતા છે. ગાંધીજી અને ડૉ. કલામ જેવા મહાનુભાવો તેની જીવંત સાક્ષી છે. અતિથિ વક્તા પરેશભાઈ શિંગાળાએ પોતાના અનુભવો શેર કરતા કહ્યું કે, વ્યવસાયમાં પ્રગતિ માટે પણ સરળતા અનિવાર્ય છે. તેમણે સંયુક્ત પરિવારના મૂલ્યો અને લોહીમાં વણાયેલી સાદગીને સફળતાનું રહસ્ય ગણાવ્યું હતું. આ પ્રસંગે શિંગાળા પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમણે જમનાબા વિદ્યાર્થી ભવન માટે ૨૧ લાખનું દાન આપ્યું છે. કાર્યક્રમમાં કલા ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ બદલ ચિત્રકાર નયનાબેન કાત્રોડિયાનું પણ અભિવાદન કરાયું હતું. અંતમાં 'સરળતાનું પંચામૃત' રજૂ કરવામાં આવ્યું, જે હકારાત્મકતા અને પારિવારિક સંબંધો જાળવવાનો સંદેશ આપે છે.


# દેવગઢ બારીયામાં પરિણીતાએ ૪ સંતાનો સાથે કૂવામાં ઝંપલાવ્યુ, ત્રણ માસુમનાં મોત



દેવગઢ બારીયા,તા.૧૬

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના વડભેટ ગામેથી એક અત્યંત આઘાતજનક અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. અહીં એક પરિણીતાએ પોતાના ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવી સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ કરૂણ ઘટનામાં ત્રણ માસૂમ બાળકોના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે માતા અને એક પુત્રીનો આબાદ બચાવ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડભેટ ગામના સીમાડે રહેતી ચંપાબેન રાઠવા નામની મહિલાએ કોઈ અગમ્ય કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું હતું. તેણે ૧૨ વર્ષની પ્રિયંકા, ૫ વર્ષનો ગિરિરાજ, ૨ વર્ષનો રાજવીર અને પુત્રી સવિતા સાથે કૂવામાં પડતું મૂક્યું હતું.ગ્રામજનોએ ભારે જહેમત બાદ તમામ પાંચેય વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા, પરંતુ કમનસીબે પ્રિયંકા, ગિરિરાજ અને રાજવીરને બચાવી શકાયા નહોતા. ગંભીર હાલતમાં ચંપાબેન અને સવિતાને દેવગઢ બારીયા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા છે.

# ઉનાના તડ ગામની સીમમાંથી દીપડો પાંજરે પુરાતા હાશકારો



ઉના,તા.૧૬

ઉના તાલુકાના તડ ગામની સીમમાં છેલ્લા ઘણા સમયથી દીપડાનો ભારે ત્રાસ હતો, જેના કારણે સ્થાનિક લોકોમાં સતત ભયનો માહોલ જોવા મળતો હતો. આ સમસ્યા અંગે જસાધાર રેન્જના આર.એફ.ઓ. કુલદીપ ચોહાણને રજૂઆત કરવામાં આવતા ફોરેસ્ટર જીતેન્દ્ર બાંભણીયા અને તેમની ટીમે દીવ-કેસરીયા રોડ પર આવેલી રમેશભાઈ શિંગડની વાડીમાં પાંજરું ગોઠવ્યું હતું. વહેલી સવારે શિકારની લાલચે દીપડો પાંજરામાં કેદ થઈ ગયો હતો. ત્યારબાદ વનવિભાગે દીપડાને સલામત રીતે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો છે. દીપડાના પકડાવાથી ખેડૂતો અને ગ્રામજનોએ અંતે હાશકારો અનુભવ્યો છે.

# માત્ર ૫૦૦ રૂપિયાની રકમ બાબતે ડાંગમાં મિત્રએ જ કરી મિત્રની હત્યા

આહવા,તા.૧૬

ડાંગ જિલ્લાના નીલશાક્યા ગામે મિત્રતાને લાંછન લગાવતી એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. માત્ર ૫૦૦ રૂપિયા જેવી નજીવી રકમની લેતીદેતીના વિવાદમાં એક મિત્રે જ પોતાના મિત્ર પર જીવલેણ હુમલો કરી તેને મોતના ઘાટ ઉતારી દીધો છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને ગ્રામજનોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની વિગત મુજબ નીલશાક્યા ગામના ૫૦ વર્ષીય અનિલભાઈ રમજુભાઈ પવારે આશરે બે મહિના પૂર્વે તેમના મિત્ર જીતેશ અશોકભાઈ પવારને ૫૦૦ રૂપિયા ઉછીના આપ્યા હતા. ગત રોજ જ્યારે અનિલભાઈએ પોતાના હકના આ નાણાં પરત માંગ્યા, ત્યારે જીતેશ પવાર એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આવેશમાં આવીને જીતેશે લાકડાના સપાટા વડે અનિલભાઈ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં અનિલભાઈના માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઈજાગ્રસ્ત અનિલભાઈને તાત્કાલિક સારવાર અર્થે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેમનું કરુણ અવસાન થયું હતું. મૃતકની પત્ની સુબીબેન પવારે આ મામલે આહવા પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપી જીતેશ પવારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં નિરાધાર હાલતમાં ભટકતા ૭૦ વર્ષીય વૃધ્ધાની વહારે ૧૮૧ની ટીમ

જૂનાગઢ,તા.૧૬

શહેરના અંબિકા ચોક વિસ્તારમાં પરિવારની ઉપેક્ષાનો ભોગ બનેલા અને માનસિક અસ્થિરતા ધરાવતા ૭૦ વર્ષીય વૃધ્ધાને ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન દ્વારા નવું જીવન મળ્યું છે. આ ઉંમરે હૂંફની જરૂર હોવા છતાં, યોગ્ય સારવાર અને સંભાળના અભાવે વૃધ્ધા રસ્તાઓ પર રઝળપાટ કરવા મજબૂર બન્યા હતા.સ્થાનિક લોકોએ વૃધ્ધાની દયનીય સ્થિતિ જોઈ ૧૮૧ હેલ્પ લાઈનનો સંપર્ક કર્યો હતો. અભયમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી માનવતાવાદી અભિગમ દાખવ્યો હતો. વૃધ્ધાની સુરક્ષા અને સારવારને પ્રાધાન્ય આપી, તેમને સુરક્ષિત રીતે ગંગેડી આશ્રમમાં આશ્રય અપાવ્યો હતો. આશ્રમમાં તેમને ભોજન, રહેઠાણ અને યોગ્ય સારસંભાળ મળશે. ૧૮૧ની સમયસરની આ કામગીરીથી વૃધ્ધા કોઈ અકસ્માતનો ભોગ બનતા બચી ગયા છે, જેની સ્થાનિકોએ પ્રશંસા કરી છે.

# ધોરાજીમાં AAPના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાતા કોંગ્રેસ પર ગંભીર આક્ષેપો

ધોરાજી,તા.૧૬

ધોરાજીના રાજકારણમાં આજે ભારે ગરમાવો જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટી (AAP) ના અગ્રણીએ કોંગ્રેસ પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, લોકશાહી અને બંધારણ બચાવવાની વાતો કરતી કોંગ્રેસ ભાજપની 'બી-ટીમ' તરીકે કામ કરી રહી છે. ધોરાજીમાં ભાજપને ફાયદો પહોંચાડવા માટે કોંગ્રેસે આમ આદમી પાર્ટીના ૨ ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવવામાં 'ભૂંડી ભૂમિકા' ભજવી હોવાનો આરોપ લગાવ્યો છે.AAP અગ્રણીના જણાવ્યા અનુસાર, ભાદાજાળીયાની બેઠક બિનહરીફ કરવા માટે કોંગ્રેસના નેતાઓએ ભાજપના ઈશારે લાલચ અને દબાણની નીતિ અપનાવી છે. એક તરફ કોંગ્રેસના પોતાના ઉમેદવારો મેદાન છોડી રહ્યા છે, ત્યારે બીજી તરફ તેઓ AAP ના મજબૂત ઉમેદવારોને નિશાન બનાવી રહ્યા છે. આ ઘટનાને 'લોકશાહીની હત્યા' ગણાવતા તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસ હવે વિપક્ષની ભૂમિકા ભજવવાને બદલે ભાજપના એજન્ટ તરીકે સેટિંગ કરી રહી છે.આ મેલી મિલીભગતથી સાબિત થાય છે કે ધોરાજીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કોઈ તફાવત રહ્યો નથી. જનતા સાથેના આ વિશ્વાસઘાતને લોકો ક્યારેય માફ નહીં કરે તેવો સૂર આપ નેતાઓએ વ્યક્ત કર્યો છે.

# જૂનાગઢમાં ચૂંટણી પહેલા જ પોલીસે ૩૭.૪૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો



જૂનાગઢ,તા.૧૬

જૂનાગઢમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના માહોલ વચ્ચે પોલીસ વિભાગ અત્યંત સક્રિય બન્યું છે. તાજેતરમાં જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને પોલીસે કુલ ૩૭ લાખ ૪૮ હજાર રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે મળેલી બાતમીના આધારે જૂનાગઢ તાલુકાના ઈવનગર અને માંગરોળના મકતુપુર બંદર પાસે દરોડા પાડ્યા હતા. ઈવનગરમાં મગફળીના ભૂકામાં છુપાવેલી ૧૦ લાખથી વધુની કિંમતની બોટલો સાથે વાહનો કબજે લેવાયા છે જ્યારે માંગરોળમાં સ્મશાન પાસે થતા દારૂના કટિંગ પર ત્રાટકી પોલીસે ૧૬ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપ્યો છે. મહત્વની વાત એ છે કે આ ગેરકાયદે પ્રવૃત્તિમાં ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અને જાણીતા બુટલેગરોના નામ ખુલ્યા છે. પોલીસે હાલ વાહનો અને જથ્થો જપ્ત કરી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે જેનાથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ધોરાજીમાં હજ્જ તરબિયત ઈજતેમાનું ભવ્ય આયોજન

ધોરાજી,તા.૧૬

ધોરાજીની જાણીતી સંસ્થા મદ્રસા-એ-મસ્કીનિયા દ્વારા આગામી તારીખ ૨૨-૦૪-૨૦૨૬, બુધવારના રોજ એક વિશેષ 'હજ્જ તરબિયત ઈજતેમા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ શિબિરમાં ભરૂચના પ્રખ્યાત ટ્રેનર હાફિઝ અબ્દુર્રહીમ સાહેબ બરકાતી (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી) ખાસ હાજરી આપશે. તેઓ હજ્જ અને ઉમરાહના અરકાન, મસાઈલ, સફા-મરવાહની સઈ, આબે ઝમઝમ પીવાની રીત અને મદીના શરીફની હાજરીના આદાબ વિશે પ્રેક્ટિકલ તાલીમ આપશે. સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ નવાઝ મૌલાના સાહેબ, મુફતી મુનવવર રઝા સાહેબ, સુફી સાહેબ અને સૈયદ શકીલ મૌલાના સહિતના શિક્ષકગણે ધોરાજી તથા આસપાસના ગામના તમામ હજયાત્રીઓને આ શિબિરમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. મહિલાઓ માટે પરદા સાથે બેસવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઈજતેમામાં જોડાવા ઈચ્છતા તમામ હાજીઓએ મુફતી મુનવવર રઝા સાહેબના મો. નંબર ૯૮૨૪૧૪૪૯૨૧ પર સંપર્ક કરી પોતાનું નામ વહેલી તકે નોંધાવી દેવા વિનંતી કરવામાં આવી છે.

# બોટાદમાં ૩૦એપ્રિલે જિલ્લા કક્ષાનો 'સ્વાગત' કાર્યક્રમ યોજાશે

બોટાદ,તા.૧૬

બોટાદ જિલ્લા કક્ષાનો 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૩૦/૦૪/૨૦૨૬ના રોજ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે. નિવાસી અધિક કલેક્ટરના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં નાગરિકો પોતાના વ્યક્તિગત પ્રશ્નોની રજૂઆત કરી શકશે.જેમાં ખાસ કરીને ગ્રામ કે તાલુકા કક્ષાએ અનિર્ણીત રહ્યા હોય તેવા પ્રશ્નો તેમજ જિલ્લા કક્ષાએ ઉકેલી શકાય તેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવશે. જોકે, કોર્ટ મેટર અને સર્વિસ મેટરને લગતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અરજદારે જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહી એક જ વિષય પર રજૂઆત કરવાની રહેશે. પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે વહીવટી તંત્ર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

# કડોદરા ગામે એકલવાયુ જીવન જીવતા વૃધ્ધના અંતિમ સંસ્કાર કરાયા



ઉના,તા.૧૬

કોડીનાર તાલુકાના કડોદરા ગામે છેલ્લા ત્રીસેક વર્ષથી રહેતા અને છૂટક મજૂરી કરી એકલવાયું જીવન જીવતા આંબાલાલનું ટૂંકી માંદગી બાદ નિધન થયું છે. વ્યસનને કારણે બીમાર પડેલા આંબાલાલને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ગ્રામજનો તેમને ભોજન અને વસ્ત્રો પૂરા પાડી આત્મીયતા જાળવતા હતા. આ અંતિમ સમયે ગુરુનાનક સિંધી મંડળ, નગરપાલિકા સદસ્ય નરેશભાઈ ડાભી, પૂર્વ સરપંચ રામસિંગભાઈ અને હરિૐ સેવા ટ્રસ્ટના જે.કે. મેર દ્વારા હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા.

# ગોંડલના મોવિયામાં ડૉ. આંબેડકરની પ્રતિમા સ્થાપનનો વિવાદ: દલિત સમાજ અને તંત્ર આમને-સામને

**વર્ષોની માંગણી બાદ મધરાત્રે મૂર્તિ સ્થાપિત કરાતા ગ્રામીણ રાજકારણ ગરમાયું**



ગોંડલ,તા.૧૬

ગોંડલ તાલુકાના મોવિયા ગામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સ્થાપિત કરવાના મામલે ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી પંચાયત પાસે જગ્યાની માંગણી કરવા છતાં પરિણામ ન મળતા, અંતે અનુસૂચિત સમાજના આગેવાનોએ બસ સ્ટેન્ડ ચોક નજીક મૂર્તિ સ્થાપિત કરી દીધી છે. સામાજિક કાર્યકર વિજયભાઈ સાંડપાએ આક્ષેપ કર્યો છે કે પંચાયતના કેટલાક સભ્યો ચૂંટણીના માહોલમાં મૂર્તિ હટાવવાનું ષડયંત્ર રચી રહ્યા છે. નરેન્દ્રભાઈ સાંડપાએ આક્રોશ સાથે ચેતવણી આપી છે કે જો મૂર્તિ ખસેડવાનો પ્રયાસ થશે તો આત્મવિલોપન અને રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવશે. હાલમાં ગામમાં ૧ DYSP અને ૩ PI સહિતનો મોટો પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. આચારસંહિતા વચ્ચે પંચાયતમાં યોજાયેલી ગુપ્ત મિટિંગો સામે પણ સવાલો ઉઠ્યા છે અને ગ્રામજનો હવે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની અપેક્ષા રાખી રહ્યા છે.

# કોડીનારમાં શીખ વેપારી પર જીવલેણ હુમલો કરનાર પાંચ આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન કરાયું




કોડીનાર, તા.૧૬

શહેરની રોણાજ ચોકડી પાસે ચશ્માના વેપારી અવતારસિંહ જગજીતસિંહ પર તલવાર અને પાઈપ જેવા ઘાતક હથિયારો વડે જીવલેણ હુમલો કરનાર પાંચ શખ્સોને કોડીનાર પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા વેપારીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પી.આઈ. એન.વી. હરિયાણીના માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસે આ ગુનામાં પ્રેમસિંગ બાવરી, અમિતસિંગ બાવરી, કમલસિંહ ટાંક, તિલકસિંહ ટાંક અને અર્જુનસિંહ નામના પાંચેય આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું અને શહેરમાં તેમનું સરઘસ કાઢ્યું હતું. ગુનેગારોમાં ફફડાટ ફેલાવનારી પોલીસની આ કડક કાર્યવાહીની શહેરના નાગરિકોએ આવકારી છે.

# વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રિયન ચાન્સેલર વચ્ચે દ્વિપક્ષીય બેઠક: સંબંધોમાં નવા અધ્યાયની શરૂઆત

(એચ.એસ.એલ), નવીદિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે ઓસ્ટ્રિયન ચાન્સેલર ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર સાથે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ ભારત અને ઓસ્ટ્રિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત અને ગાઢ બનાવવાનો છે. આ ઉચ્ચસ્તરીય ચર્ચા દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકર અને કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ બંને દેશો વચ્ચે વિવિધ મહત્વના ક્ષેત્રોમાં સમજૂતી કરારોનું આદાન-પ્રદાન કરવામાં આવશે અને ત્યારબાદ સત્તાવાર પ્રેસ રિલીઝ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવશે. ચાન્સેલર સ્ટોકર ભારતની ચાર દિવસીય મુલાકાતે છે અને ૨૦૨૫માં પદ સંભાળ્યા પછી તેમની આ પ્રથમ ભારત અને એશિયાની મુલાકાત છે. અગાઉ તેમણે રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ મુલાકાતથી ગ્રીન ટેકનોલોજી, ડિજિટલ નવીનતા અને નવીનીકરણીય ઉર્જા જેવા ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ વધવાની અને વૈશ્વિક મુદ્દાઓ પર પરસ્પર સમજૂતી દ્રઢ થવાની મોટી અપેક્ષા છે.



# યુપીના પ્રયાગરાજમાં પુરુષોત્તમ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવતા પાંચ મુસાફરોના કરુણ મોત

(એચ.એસ.એલ), પ્રયાગરાજ,તા.૧૬

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના પચદેવરામાં એક અત્યંત કરુણ ઘટના બની છે, જ્યાં ટ્રેનની ટક્કરથી પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ અકસ્માત બુધવારે સાંજે ત્યારે થયો જ્યારે નેતાજી એક્સપ્રેસ પાટા પર એક અજાણ્યો મૃતદેહ પડેલો હોવાને કારણે ઉભી રહી હતી. કુતૂહલવશ અને નિરીક્ષણ કરવા માટે ટ્રેનમાંથી નીચે ઉતરેલા મુસાફરો વિરુધ્ધ દિશામાંથી પુરઝડપે આવતી પુરુષોત્તમ એક્સપ્રેસની અડફેટે આવી ગયા હતા.

મૃતકોમાં ફિરોઝાબાદના એક જ પરિવારના ચાર સભ્યો અને મિર્ઝાપુરના એક યુવકનો સમાવેશ થાય છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અન્ય મુસાફરોએ બૂમો પાડીને ચેતવણી આપી હતી, પરંતુ સમય ઓછો હોવાથી પાટા પર ઉભેલા લોકો બચી શક્યા નહીં. ઘટનાની જાણ થતા જ GRP અને સ્થાનિક પોલીસે પહોંચીને તપાસ હાથ ધરી છે. આ ઘટના રેલવે ટ્રેક પર ઉતરવાની અસુરક્ષિતતા અને બેદરકારીનું ગંભીર ઉદાહરણ પૂરું પાડે છે.



# હુમાયુ કબીર વિરુધ્ધ TMCની ચૂંટણી પંચમાં ફરિયાદ: આચારસંહિતા ભંગના ગંભીર આક્ષેપો

(એચ.એસ.એલ),કોલકાતા,તા.૧૬

તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખીને 'આમ જનતા ઉન્નયન પાર્ટી' ના સ્થાપક હુમાયુ કબીર વિરુધ્ધ ઔપચારિક ફરિયાદ નોંધાવી છે. TMCનો આરોપ છે કે કબીરે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અભિષેક બેનર્જી અને પક્ષના અન્ય કાર્યકરો વિરુદ્ધ અપમાનજનક, ભ્રામક અને બદનક્ષીભર્યા નિવેદનો આપ્યા છે. વાયરલ વીડિયોનો હવાલો આપતા ફરિયાદમાં જણાવાયું છે કે તેમણે મતદારોને પ્રભાવિત કરવા માટે હત્યા અને ધમકીભર્યા શબ્દોનો પ્રયોગ કર્યો છે, જે આચારસંહિતા અને ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો છે. આ ઉપરાંત, TMCએ ભાજપના 'માતૃ શક્તિ ભરોસા કાર્ડ' ના વિતરણ સામે પણ વાંધો ઉઠાવ્યો છે. પક્ષે ચૂંટણી પંચ પાસે કબીર સામે તત્કાલિક FIR નોંધી કડક પગલાં લેવાની માંગ કરી છે.

# ઉત્તરપ્રદેશમાં ટેટ્રા પેકમાં દારૂનું વેચાણ મામલે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો

નવીદિલ્હી,તા.૧૬

ઉત્તર પ્રદેશમાં દૂધ અને જ્યુસની જેમ ટેટ્રા પેકમાં દારૂના વેચાણ વિરુધ્ધ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી બંધ કરી દીધી છે. જસ્ટિસ સૂર્યકાંતની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે જેમને દારૂ ખરીદવો છે તેઓ કોઈપણ સ્વરૂપમાં ખરીદી શકે છે. અરજદાર મીનાક્ષી તિવારીએ એવી ચિંતા વ્યક્ત કરી હતી કે નાના ટેટ્રા પેકને કારણે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સરળતાથી દારૂ છુપાવીને લઈ જઈ શકે છે, જેની નકારાત્મક અસર પડી શકે છે. જોકે, કોર્ટે નોંધ્યું હતું કે રાજ્ય સરકારનો ફેબ્રુઆરી ૨૦૨૫નો વહીવટી નિર્ણય રેકોર્ડ પર છે, જે નાના પેકમાં દારૂના વેચાણને મંજૂરી આપે છે. કોર્ટે આ મુદ્દે વધુ ટિપ્પણી કરવાનો ઈનકાર કરતા અરજદારને સંબંધિત સરકારી સત્તાવાળાઓ સમક્ષ પોતાની રજૂઆત કરવાની સ્વતંત્રતા આપીને અરજીનો નિકાલ કર્યો છે.



# અમિત શાહનું લોકસભામાં નિવેદન: ધર્મના આધારે મુસ્લિમ અનામત બંધારણ વિરૂધ્ધ

નવીદિલ્હી, તા.૧૬

લોકસભામાં મહિલા અનામત સુધારા બિલ પરની ચર્ચા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે ધર્મના આધારે કોઈપણ પ્રકારની અનામત આપવી તે સંપૂર્ણપણે ગેરબંધારણીય છે. સપા નેતા અખિલેશ યાદવ અને ધર્મેન્દ્ર યાદવ દ્વારા મુસ્લિમ મહિલાઓ માટે અલગ અનામતની માંગણી પર પ્રતિક્રિયા આપતા શાહે જણાવ્યું હતું કે ભારતનું બંધારણ ધાર્મિક આધારે અનામતની મંજૂરી આપતું નથી. વસ્તી ગણતરી અંગેના પ્રશ્નોના જવાબમાં તેમણે ખાતરી આપી હતી કે વસ્તી ગણતરીનું કામ શરૂ થઈ ગયું છે અને તે જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સાથે જ કરવામાં આવશે. શાહે કટાક્ષ કરતા કહ્યું કે જો સપા ઈચ્છતી હોય તો તેઓ પોતાની તમામ ટિકિટો મુસ્લિમ મહિલાઓને આપી શકે છે, તેમાં સરકારને કોઈ વાંધો નથી. આ ચર્ચા દરમિયાન ગૃહમાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે નાગરિકોની વસ્તી ગણતરી થશે, ત્યારે તેમાં જ્ઞાતિનો સ્તંભ (કોલમ) ચોક્કસપણે સામેલ હશે.

# રાજસ્થાન પેપર લીક કેસ: સસ્પેન્ડેડ RAS અધિકારી હનુમાનરામની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

જયપુર,તા.૧૬

રાજસ્થાનમાં સરકારી ભરતી પરીક્ષાઓમાં "ડમી ઉમેદવાર" તરીકે બેસવાના ગંભીર આરોપોનો સામનો કરી રહેલા સસ્પેન્ડેડ RAS અધિકારી હનુમાનરામને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે કેસની ગંભીરતા અને રાજ્ય સરકારની દલીલોને ગ્રાહ્ય રાખતા આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે. સરકાર પક્ષે દલીલ કરી હતી કે જવાબદાર હોદ્દા પર હોવા છતાં આવી છેતરપિંડીમાં સામેલ થવું એ વહીવટી માળખા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની પવિત્રતા માટે જોખમ સમાન છે.

હનુમાનરામે ફેબ્રુઆરી ૨૦૨૩માં એસડીએમ (SDM) તરીકે સેવા શરૂ કરી હતી, પરંતુ તપાસમાં બહાર આવ્યું કે તેમણે સબ-ઈન્સ્પેક્ટર અને પટવારી ભરતી ૨૦૨૧ જેવી અનેક પરીક્ષાઓમાં ડમી ઉમેદવાર તરીકે હાજરી આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે વર્તમાન સંજોગોમાં આરોપીને કોઈ રાહત આપી શકાય નહીં, જે દર્શાવે છે કે પરીક્ષા લક્ષી કૌભાંડોમાં ન્યાયતંત્રનું વલણ અત્યંત કડક છે.



# પં. બંગાળમાં જે મતદારોની અપીલ સ્વીકારાઈ છે તે કરી શકશે મતદાન : સુપ્રિમ કોર્ટનો ચુકાદો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૬

પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કેસમાં સુપ્રીમ કોર્ટે કલમ ૧૪૨ની સત્તાનો ઉપયોગ કરીને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જે નાગરિકોની અપીલ એપલેટ ટ્રિબ્યુનલ દ્વારા સ્વીકારવામાં આવી છે, તેઓ ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ યોજાનાર બંને તબક્કાના મતદાનમાં ભાગ લઈ શકશે. ટ્રિબ્યુનલ દ્વારા મંજૂર કરાયેલા નામો માટે ચૂંટણી પંચ પૂરક મતદાર યાદી જાહેર કરશે. પ્રથમ તબક્કા માટે ૨૧ એપ્રિલ અને બીજા તબક્કા માટે ૨૭ એપ્રિલ સુધીમાં ક્લિયરન્સ મેળવનારા મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શકશે.


મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ નિર્ણય પર ખુશી વ્યક્ત કરતા તેને ન્યાયતંત્રનો વિજય ગણાવ્યો છે. તેમણે કાર્યકરોને સૂચના આપી છે કે પૂરક યાદી જાહેર થયા બાદ તુરંત જ ઘરે-ઘરે જઈને મતદાર સ્લિપ પહોંચાડવામાં આવે, જેથી કોઈ પણ પાત્ર મતદાર મતદાનથી વંચિત ન રહે. રાજ્યમાં હાલ કુલ મતદારોની સંખ્યા અંદાજે ૬.૭૭ કરોડ છે.



# લાહોરમાં લશ્કર-એ-તૈયબાના સ્થાપક સભ્ય અમીર હમઝા પર અજાણ્યા શખ્સોનો ગોળીબાર

(એચ.એસ.એલ),લાહોર,તા.૧૬

પાકિસ્તાનના લાહોરમાં એક ન્યૂઝ ચેનલની બહાર આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સ્થાપક સભ્ય અમીર હમઝા પર અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો છે. આ હુમલામાં હમઝાને અનેક ગોળીઓ વાગતા તેની હાલત અત્યંત ગંભીર છે અને હાલ તે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અમીર હમઝા આતંકી હાફિઝ સઈદનો નજીકનો સાથી માનવામાં આવે છે અને તેણે સઈદ સાથે મળીને જ આ આતંકવાદી સંગઠનની સ્થાપના કરી હતી. અમીર હમઝા ભારતમાં થયેલા અનેક આતંકી હુમલાઓમાં સંડોવાયેલો રહ્યો છે અને તે અફઘાન મુજાહિદીનનો અનુભવી સભ્ય પણ છે. તે તેના ઉગ્ર ભાષણો, કટ્ટરપંથી લખાણો અને લશ્કર માટે ભંડોળ ઉઘરાવવા તેમજ ભરતી પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે જાણીતો છે.



# છત્તીસગઢમાં સમાન નાગરિક સંહિતાની તૈયારી, મહિલાઓને મિલકત નોંધણીમાં ૫૦% રાહત

(એચ.એસ.એલ),રાયપુર,તા.૧૬

છત્તીસગઢ સરકારે કાયદાકીય સમાનતા અને મહિલા સશક્તિકરણની દિશામાં બે ઐતિહાસિક નિર્ણયો લીધા છે. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાયની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાની પ્રક્રિયા શરૂ કરવાની મંજૂરી અપાઈ છે. આ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવશે. આ કાયદો લાગુ થવાથી લગ્ન, છૂટાછેડા અને મિલકત જેવા વિષયોમાં તમામ ધર્મો માટે સમાન નિયમો અમલી બનશે.

આ ઉપરાંત, મહિલાઓના નામે મિલકતની નોંધણી કરાવવા પર સ્ટેમ્પ ડ્યુટી કે નોંધણી ફીમાં ૫૦% ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય લેવાયો છે.

# ગાઝિયાબાદમાં ૫૦૦ ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ : એક પછી એક સિલિન્ડર બ્લાસ્ટથી પંથક ધણધણી ઉઠયો

(એચ.એસ.એલ),ગાઝિયાબાદ,તા.૧૬

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક અત્યંત કરુણ અને ભયાનક ઘટના સામે આવી છે, જ્યાં આશરે ૫૦૦ જેટલી ઝૂંપડપટ્ટીઓ ભીષણ આગની લપેટમાં આવી ગઈ છે. આગ લાગ્યાના થોડા જ સમયમાં ઝૂંપડાઓમાં રાખેલા એલપીજી સિલિન્ડરોમાં શ્રેણીબધ્ધ વિસ્ફોટ થતા સમગ્ર વિસ્તારમાં નાસભાગ અને ગભરાટ ફેલાઈ ગયો હતો. આ વિસ્ફોટો એટલા પ્રચંડ હતા કે આસપાસનો વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ડઝનબંધ ટીમો અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ દુર્ઘટનામાં સેંકડો પરિવારો બેઘર થઈ ગયા છે અને તેમની જીવનભરની મૂડી રાખ થઈ ગઈ છે.



# ટ્રમ્પની મધ્યસ્થતાથી ઈઝરાયેલ-લેબેનોન વચ્ચે ૧૦ દિવસ સુધી યુધ્ધવિરામ

**હોર્મુઝની નાકાબંધી ચાલુ રહેશે : ટ્રમ્પ**

નવી દિલ્હી,તા.૧૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લેબનોન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરીને વૈશ્વિક રાજનીતિમાં મોટી સફળતા મેળવી છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર આ મહત્વપૂર્ણ સમાચાર આપતા જણાવ્યું કે તેમણે લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ ઓન અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફળદાયી ચર્ચાઓ કરી છે. આ મંત્રણાના પરિણામે બંને દેશો દસ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયા છે. આ એક અત્યંત નોંધપાત્ર ઘટના છે કારણ કે છેલ્લા ૩૪ વર્ષમાં પ્રથમ વખત બંને દેશોના પ્રતિનિધિઓ વોશિંગ્ટન ડી.સી.માં અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મુલાકાત કરી ચૂક્યા છે. ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ અને સૈન્ય અધિકારીઓને આ વિસ્તારમાં કાયમી શાંતિ સ્થાપવા માટે સક્રિયપણે કામ કરવાના કડક નિર્દેશો આપ્યા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, હોર્મુઝની નાકાબંધી ચાલુ રહેશે.



# અમેરિકા સાથેના તણાવ વચ્ચે ઈરાનને સંયુક્ત રાષ્ટ્રની ૧.૧૧ અબજની માનવતાવાદી સહાય

વોશિંગ્ટન,તા.૧૬

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા રાજકીય અને સૈન્ય તણાવ છતાં, સંયુક્ત રાષ્ટ્ર (UN) એ ઈરાન માટે ૧૨ મિલિયન યુએસ ડોલર (આશરે ૧.૧૧ અબજ ભારતીય રૂપિયા) ની તાત્કાલિક માનવતાવાદી સહાય મંજૂર કરી છે. સંયુક્ત રાષ્ટ્રના કટોકટી રાહત સંયોજક ટોમ ફ્લેચરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, યુધ્ધ અને સંઘર્ષને કારણે ઈરાનમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. હજારો નાગરિકોએ જીવ ગુમાવ્યા છે અને જીવનજરૂરી સુવિધાઓ ખોરવાઈ ગઈ છે.

આ ભંડોળનો ઉપયોગ ઈરાનમાં ખોરાક, શુધ્ધ પીવાનું પાણી, દવાઓ અને અસ્થાયી આશ્રયસ્થાનો પૂરા પાડવા માટે કરવામાં આવશે. નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ તેહરાન પર થયેલા હુમલા બાદ શરૂ થયેલા યુધ્ધને કારણે ખાડી દેશોમાં અસ્થિરતા વધી છે. જોકે પાકિસ્તાનમાં શાંતિ વાટાઘાટો નિષ્ફળ રહી છે, તેમ છતાં સંયુક્ત રાષ્ટ્રના આ પગલાને વૈશ્વિક સ્તરે માનવતાવાદી સહાયના સકારાત્મક ઉદાહરણ તરીકે જોવામાં આવે છે.



# ચૂંટણી યોજાઈ તે પહેલા જ રાજ્યની પાંચ નગરપાલિકા ભાજપને ફાળે

ગાંધીનગર,તા.૧૬



ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે જ ભારતીય જનતા પાર્ટીએ મજબૂત પકડ જમાવી લીધી છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે રાજ્યનું રાજકીય ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે જેમાં ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી છે. ગત ચૂંટણીની સરખામણીએ આ વખતે બિનહરીફ બેઠકોની સંખ્યામાં ત્રણ ગણો વધારો જોવા મળ્યો છે જે ભાજપ માટે ખૂબ જ પ્રોત્સાહક સમાચાર છે. ગત વખતે ૨૨૯ બેઠકો બિનહરીફ થઈ હતી જ્યારે આ વર્ષે ૬૦૦થી વધુ બેઠકો પર પરિણામો મતદાન પહેલા જ જાહેર થઈ ગયા છે.પાલિકા અને પંચાયતોમાં કેસરીયો લહેરાયો છે.

રાજ્યની પાંચ મહત્વની નગરપાલિકાઓ જેવી કે ગણદેવી, કડી, શહેરા, ઊંઝા અને બાયડમાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે સત્તા કબજે કરી લીધી છે. આ ઉપરાંત ૧૭ મહાનગરપાલિકાઓમાં ભાજપના ૨૦થી વધુ સભ્યો બિનહરીફ ચૂંટાયા છે. નગરપાલિકાઓની ૧૭૮થી વધુ બેઠકો, જિલ્લા પંચાયતની ૧૨ અને તાલુકા પંચાયતની ૯૦થી વધુ બેઠકો ભાજપના ફાળે ગઈ છે. વિપક્ષી ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ભાજપને આ સીધો ફાયદો મળ્યો છે. હવે ૨૬ એપ્રિલે બાકીની બેઠકો માટે મતદાન થશે અને ૨૮ એપ્રિલે અંતિમ પરિણામો જાહેર કરવામાં આવશે.

# સુરતમા નજીવી બાબતે સામૂહિક આપઘાતનો પ્રયાસઃ માતાનું મોત, બે દિકરીઓ ગંભીર

સુરત,તા.૧૬

સુરતના ડભોલી વિસ્તારમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર શહેરને સ્તબ્ધ કરી દીધું છે. સામાન્ય ઘરેલુ ઝઘડા અને રસોઈ બનાવવા જેવી નાની બાબતોના તણાવમાં એક માતાએ પોતાની બે માસૂમ દીકરીઓને ઝેર પીવડાવી પોતે પણ આત્મહત્યા કરી લીધી છે. મૂળ ભાવનગરના મહુવા તાલુકાના તરેડ ગામના અને હાલ ડભોલીના 'સુમન પ્રતીક આવાસ'માં રહેતા હીરા શ્રમિક જયસુખભાઈ પટેલિયાના પરિવારમાં આ કરુણાંતિકા સર્જાઈ છે. બુધવારે બપોરે પરિવાર સાથે ભોજન લીધા બાદ જયસુખભાઈ કામે ગયા હતા. તેમના ગયા પછી પત્ની મિતલબેને માનસિક તણાવમાં આવી અનાજમાં નાખવાની ઝેરી ટીકડીઓ પાણીમાં ઓગાળીને ૬ વર્ષની વેનિશા અને ૫ વર્ષની આરવીને પીવડાવી દીધી હતી અને ત્યારબાદ પોતે પણ તે ગટગટાવી લીધું હતું.ઘટનાની જાણ થતા જ ત્રણેયને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ૩૫ વર્ષીય મિતલબેનનું મોત નીપજ્યું છે. જ્યારે બંને બાળકીઓ હાલ પીઆઈસીયુ વોર્ડમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. આ પરિવાર આગામી રવિવારે વતનમાં લગ્નપ્રસંગમાં જવાની તૈયારી કરી રહ્યો હતો, પરંતુ રસોઈ જેવા સામાન્ય વિવાદે હસતા-રમતા પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. સિંગણપોર પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. જે ઘરમાં લગ્નની ખરીદીનો ઉત્સાહ હતો ત્યાં અત્યારે માત્ર માતમ અને આક્રંદ જોવા મળી રહ્યો છે.

# સુરતમાં ૨૦૦૦ કિલો નકલી ઘી એસઓજીએ ઝડપી પાડ્યુ


**પોલીસે રૂ.૩૬ લાખથી વધુનો મુદામાલ જપ્ત કર્યો**

(એચ.એસ.એલ),સુરત,તા.૧૬

સુરત શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે સચિન જીઆઈડીસીમાં ચાલતી ડુપ્લીકેટ ઘી બનાવવાની ફેક્ટરી પર દરોડા પાડીને ૨,૦૨૯ કિલોગ્રામથી વધુ ભેળસેળયુક્ત ઘીનો જથ્થો ઝડપી પાડ્યો છે. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે રૂ. ૩૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા બે આરોપીઓ આ હાનિકારક ઘી સ્લમ વિસ્તારો અને હાઈવેની હોટલોમાં સસ્તા ભાવે વેચી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા હતા. હાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહુવા પંથકમાં ડિહાઈડ્રેશન પ્લાન્ટની આડમાં ધમધમતી નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાઈ

મહુવા,તા.૧૬



મહુવા તાલુકાના ગુંદરણી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ડિહાઈડ્રેશન પ્લાન્ટની આડમાં ધમધમતી નકલી દારૂ બનાવવાની આખેઆખી ફેક્ટરીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પેરોલ ફર્લો સ્કવોર્ડને મળેલી ચોક્કસ બાતમીના આધારે હરિપરા રોડ પર આવેલા પ્લાન્ટમાં દરોડા પાડવામાં આવતા પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. તપાસ દરમિયાન પ્લાન્ટના પાછળના ભાગે આવેલા રૂમમાં કેટલાક શખ્સો અલગ-અલગ બ્રાન્ડની બોટલોમાં નકલી દારૂ ભરતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે આ મામલે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ બનાસકાંઠામાં પણ આવી જ મીની ફેક્ટરી ઝડપાઈ હતી. રાજ્યમાં સતત બીજા દિવસે આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ પકડાતા પોલીસ તંત્રની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા થયા છે. હાલ પોલીસે તમામ પાસાઓ પર સઘન તપાસ શરૂ કરી છે.

# મહેસાણા જિલ્લામાં ટેમ્પો-બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, બેના મોત

મહેસાણા,તા.૧૬

મહેસાણા જિલ્લાના મીઠા અને જોટાણા વચ્ચેના માર્ગ પર એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. એક ટેમ્પો અને મોટરસાયકલ વચ્ચે થયેલી આ પ્રચંડ ટક્કર એટલી ભયાનક હતી કે જોતજોતામાં વાહનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બાઈક પર સવાર બે આશાસ્પદ યુવકો આગની લપેટમાં આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. મૃતક યુવકો પૈકી એક જોટાણાનો અને બીજો ખારા ગામનો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલ મોકલી આપી અકસ્માત અંગેની વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સ્થાનિક ચૂંટણીને લઈ ભાજપે અમદાવાદ-રાજકોટ માટે સંકલ્પપત્રો જાહેર કર્યા


અમદાવાદ,તા.૧૬




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે ભારતીય જનતા પાર્ટીએ અમદાવાદ અને રાજકોટ માટે મહત્વકાંક્ષી સંકલ્પ પત્રો જાહેર કર્યા છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટને ગિફ્ટ સિટી સુધી લંબાવવાની સાથે શહેરને ૨૦૩૦ સુધીમાં ૩૦૦૦ ઈલેક્ટ્રિક બસો અને એઆઈ આધારિત ટ્રાફિક સિસ્ટમથી સજ્જ કરવાનું લક્ષ્ય રખાયું છે. શહેરનું ગ્રીન કવર વધારીને ૧૮% કરવા અને ૫૦,૦૦૦ નવા આવાસ બનાવી શહેરને સ્લમ મુક્ત કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ રાજકોટમાં મેટ્રો ટ્રેનની ઐતિહાસિક જાહેરાત સાથે નાગરિકોને દૈનિક ૨૦ મિનિટ શુધ્ધ પાણી અને દરેક ઝોનમાં મિની હોસ્પિટલો આપવાનું વચન અપાયું છે. ટેકનોલોજીનો ઉપયોગ વધારીને જન્મ-મરણના દાખલા અને સરકારી દસ્તાવેજોમાં સુધારાની પ્રક્રિયા ઓનલાઈન કરી જનતાને હાલાકીમાંથી મુક્તિ અપાવવાનો પ્રયાસ છે. સોલાર પેનલ ધારકો અને સિનિયર સિટીઝનોને ટેક્સમાં રાહત આપી મધ્યમ વર્ગને આકર્ષવાનો વ્યૂહ ભાજપે અપનાવ્યો છે.

# દાહોદમાં પોલીસકર્મીની પત્નીએ બે પુત્રોને મોતને ઘાટ ઉતારી આપઘાતનો પ્રયાસ કર્યો

દાહોદ,તા.૧૬




દાહોદમાં આજે એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે જેમાં એક પોલીસકર્મીની પત્નીએ પોતાના સાત અને ત્રણ વર્ષના બે માસૂમ પુત્રોને ઝેરી દવા પીવડાવી મોતને ઘાટ ઉતાર્યા છે. આ હૃદયદ્રાવક કૃત્ય બાદ મહિલાએ પોતે પણ ઝેર ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં આ મહિલા હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી છે. શહેરના એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા કર્મચારીના પરિવારમાં સર્જાયેલી આ ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. એક તરફ માતાએ ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવ્યું અને બીજી તરફ આ પોલીસ પરિવાર વેરવિખેર થયો તેમ એક જ દિવસમાં બે મોટી ઘટનાઓથી કાયદો અને વ્યવસ્થાના રક્ષકો પણ સ્તબ્ધ છે. પોલીસ હાલ આત્મહત્યા પાછળના કારણો જેવા કે પારિવારિક કંકાસ કે માનસિક તણાવની ઊંડી તપાસ કરી રહી છે.

# અમદાવાદ શહેરમાં રેપિડો રાઈડરનો અકસ્માતઃ ડ્રાઈવર, મુસાફરના મોત

અમરદવાદ,તા.૧૬



અમદાવાદના વ્યસ્ત એસ.જી. હાઈવે પર ડમ્પર ચાલકોનો આતંક યથાવત રહ્યો છે, જેમાં ગોતા બ્રિજ પાસે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પાલડીમાં રહેતા અને રેપિડોમાં બાઈક રાઈડર તરીકે ફરજ બજાવતા નરપતભાઈ ડાંફી જ્યારે મુસાફર સુશીલ યાદવને લઈને વૈષ્ણોદેવી સર્કલ તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. ગોતા બ્રિજ ઉતરતી વખતે બાઈક ચાલકે આગળ જઈ રહેલા ડમ્પરને જમણી બાજુથી ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કમનસીબે બાઈકનું હેન્ડલ ડમ્પર સાથે અથડાતા બંને યુવકો રોડ પર પટકાયા હતા. ડમ્પરના તોતિંગ ટાયર નીચે કચડાઈ જવાથી બંનેના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. ટ્રાફિક પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી ડમ્પર ચાલકની ધરપકડ કરી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# સુરતમાં પરિવારની હત્યા કરવાના કાવતરામાં પડોશી હોવાનું ખુલ્યુ

સુરત,તા.૧૬

સુરતના ઉત્રાણ વિસ્તારમાં આવેલી હાઈપ્રોફાઈલ શાલીગ્રામ સ્ટેટ્સ સોસાયટીમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અહીં રહેતા ગોરધનભાઈ ડોંડાના પરિવારને ખતમ કરવાના ઈરાદે પાડોશમાં રહેતી ઉષાબેન નાકરાણીએ પ્રસાદીના લાડુમાં ઊંઘની ભારે માત્રામાં ગોળીઓ ભેળવી દીધી હતી. આરોપી મહિલાને એવો વહેમ હતો કે તેની પુત્રીને ભગાડવામાં ડોંડા પરિવારની પુત્રવધૂનો હાથ છે. આ વેરની વસૂલાત કરવા માટે તેણે ધાર્મિક આસ્થાનો સહારો લીધો અને ઝેરી લાડુ ઘરના ઉંબરે મૂકી દીધા. આ લાડુ ખાવાથી ગોરધનભાઈ અને તેમની પુત્રવધૂની તબિયત લથડતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. હાલ ઉત્રાણ પોલીસે BNS ૧૨૩ હેઠળ ગુનો નોંધી ઉષાબેન સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિયોદરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ધારાસભ્યએ મતદારો સમક્ષ દંડવત કર્યા

દિયોદર,તા.૧૬



પાલનપુરના દિયોદર તાલુકામાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપના ધારાસભ્ય કેશાજી ચૌહાણે મતદારો સમક્ષ દંડવત પ્રણામ કરીને સૌને ચોંકાવી દીધા હતા. મોજરુ ગામે પ્રચાર દરમિયાન તેમણે પોતાની ભૂલોની માફી માંગી નમ્રતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સામાન્ય રીતે નેતાઓ ભાષણો આપે છે, પરંતુ અહીં ભાવનાત્મક જોડાણ સાધવાનો પ્રયાસ થયો હતો. કેટલાક લોકો તેને જનતા પ્રત્યેનો આદર ગણાવે છે તો કેટલાક તેને રાજકીય વ્યૂહરચના માને છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે લોકશાહીમાં મતદારોની શક્તિ સર્વોપરી છે અને તેમને રીઝવવા નેતાઓ ગમે તેટલી હદ સુધી જઈ શકે છે.





